


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 150
Dt.: 09-02-2025, Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### પીએમ મોદીના મેનેજમેન્ટે રચ્યો ઈતિહાસ

# દિલ્હીમાં ૨૭ વર્ષના વનવાસનો આવ્યો અંત : કમળ ખીલ્યું

## પ્રામાણિકતા અને સ્વચ્છ રાજકારણના પ્રતિનિધિ હોવાનો દાવો કરતી આમ આદમી પાર્ટી (AAP) ને દિલ્હીમાં કારમી હારનો સામનો કરવો પડ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

વિધાનસભા ચૂંટણીમાં ભાજપે શાનદાર જીત મેળવીને ઈતિહાસ રચ્યો છે. તે જ સમયે, પ્રામાણિકતા અને સ્વચ્છ રાજકારણના પ્રતિનિધિ હોવાનો દાવો કરતી આમ આદમી પાર્ટી (AAP) ને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. એક તરફ AAPની આ હારથી લોકોનો આંદોલનમાંથી ઉભરી આવેલી પાર્ટી પ્રત્યેનો મોહભંગ સાબિત થયો છે, તો બીજી તરફ તેણે ફરી એકવાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અને તેમની ગેરંટીની પુષ્ટિ કરી છે.દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપની પ્રચંડ બહુમતી સાથે જીત જોવા મળી છે. આમ આદમી પાર્ટીની કારમી હાર થઈ છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીની સૌથી વીવીઆઈપી સીટ નવી દિલ્હી પર પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલને ભાજપના ઉમેદવાર પરવેશ વર્માએ હરાવ્યા જ્યારે જંગપુરામાંથી મનિષ સિસોદિયા ચૂંટણીની જંગ હાર્યા છે. કોંગ્રેસ આ વખતે પણ ખાતું ખોલાવી શકી નથી. દિલ્હીમાં ૧૯૯૩ બાદ પ્રથમ વખત ભાજપ જીતી છે. અરવિંદ કેજરીવાલ ૨૦૧૩થી દિલ્હીમાં શાસન કરી રહ્યા હતા. દિલ્હી વિધાનસભા ચૂંટણીની ૫૫ બેઠકોના પરિણામ જાહેર થઈ ગયા છે. જેમાં ભાજપે ૩૬ બેઠકો પર જીત મેળવી છે, જ્યારે AAP એ ૧૯ બેઠકો પર જીત હાંસલ કરી છે. હજી ૧૫ બેઠકોના અંતિમ પરિણામ આવવાના બાકી છે. જેમાં આપ ચારમાં અને ભાજપ ૧૧માં લીડ કરી રહ્યું છે. ભૂતપૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ, ભૂતપૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને તેમના કેબિનેટ સાથી સત્યેન્દ્ર જૈન સહિત AAPના અગ્રણી નેતાઓને ભ્રષ્ટાચારના આરોપસર જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં AAPના સ્પષ્ટવક્તા નેતા સંજય સિંહ પણ જેલના સળિયા પાછળ ગયા. પ્રાથમિક પુરાવા મજબૂત હોવાથી, કોર્ટે આ આરોપીઓને ઘણી વખત જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ તેઓ પોતાને કટ્ટર પ્રમાણિક ગણાવતા રહ્યા. આનાથી જનતાનો વિશ્વાસ તૂટી ગયો. અરવિંદ કેજરીવાલ પહેલી વાર સત્તામાં આવ્યા પછી મોટા કામ કરવાના દાવા કરી રહ્યા છે, પરંતુ તેમની સરકારનું કામ જમીની સ્તરે દેખાતું નથી. આના ઘણા ઉદાહરણો છે, જેમ કે દરેક ચૂંટણીમાં તેઓ યમુના નદીની સફાઈ વિશે કહેતા હતા કે આ વખતે તેઓ બધાને યમુનામાં ડૂબકી લગાવશે, પરંતુ તેઓ ૧૦ વર્ષમાં કોઈ કામ કરી શક્યા નથી. દિલ્હીને પેરિસ બનાવવાના સપના દેખાડનાર આમ આદમી પાર્ટીએ રાજધાનીને બરબાદ કરી દીધી છે. તૂટેલા રસ્તાઓ, નબળી સ્વચ્છતા વ્યવસ્થા, દિલ્હીમાં ગંદા પાણીનો પુરવઠો, તમામ વિકાસ કાર્યોમાં સ્થગિતતા અને તેના ઉપર ભ્રષ્ટાચારને કારણે લોકોનો AAP પ્રત્યેનો આકર્ષણ ઓછો થઈ ગયો છે.

દિલ્હીમાં વિવિધ સ્થળોએ દારૂની દુકાનો ખોલનાર પાર્ટીના મોહલ્લા ક્લિનિકને પણ બરબાદ કરી નાખ્યું. મોહલ્લા ક્લિનિકમાં પરીક્ષણ અને સારવારના નામે લૂંટફાટના આરોપો અને થોડા સમય પછી તેની બગડતી હાલતને કારણે જનતાનો કેજરીવાલ પરથી વિશ્વાસ ઉઠી ગયો.

સ્વચ્છ રાજકારણનો દાવો કરીને સત્તામાં આવેલા AAPના કન્વીનર અરવિંદ કેજરીવાલ બંગલો, લાલ બત્તીવાળી કાર અને અન્ય વૈભવી સુવિધાઓ ન હોવાની વાત કરતા હતા, પરંતુ તેમણે પોતાના માટે કરોડો રૂપિયાનો વૈભવી શીશ મહેલ બનાવડાવ્યો. એટલું જ નહીં, તેણે લાલ બત્તીના વાહનથી લઈને સુરક્ષા અને કર્મચારીઓ સુધી બધું જ પોતાની સાથે રાખ્યું. આના કારણે, કેજરીવાલની છબી ટર્નકોટ જેવી બની ગઈ. દિલ્હીના લોકોને કેજરીવાલના દાવા ખોટા લાગવા લાગ્યા. દિલ્હી સરકારની જવાબદારી હતી તે કામ માટે ભાજપ પર બિનજરૂરી રીતે દોષારોપણ કરીને, લોકો વિચારવા લાગ્યા કે તેઓ કયા સ્તરનું રાજકારણ કરી રહ્યા છે. ક્યારેક હરિયાણાની ભાજપ સરકાર દ્વારા યમુનાને ઝેરી કરવાની વાત કરવામાં આવે છે, તો ક્યારેક દિલ્હીમાં પાણીની અછત માટે ભાજપ સરકારને દોષી ઠેરવવામાં આવે છે. કોરોના સમયગાળા દરમિયાન પણ, કેજરીવાલે અસુવિધાઓ માટે ભાજપને દોષ આપવાનું શરૂ કર્યું હતું. દિલ્હીમાં AAP પાર્ટી ૧૦ વર્ષ સુધી સત્તામાં રહી, પરંતુ આ સમયગાળા દરમિયાન ન તો ભ્રષ્ટાચાર અપેક્ષા મુજબ ઘટ્યો કે ન તો દિલ્હીમાં કોઈ મોટો ફેરફાર થયો. જનતાને લાગવા લાગ્યું કે દિલ્હીનો વિકાસ અટકી ગયો છે. જનતાએ મફત વીજળી અને પાણીની લાલચ પણ છોડી દીધી. બાકીનું કામ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આપ સરકાર આવતાં પૂર્ણ થયું. એટલે કે, દિલ્હીમાં ગટર, સફાઈ અને તૂટેલા રસ્તાઓ માટે ભાજપને જવાબદાર ઠેરવનાર AAP પાર્ટી, MCD અને દિલ્હી બંનેમાં સત્તામાં હોવા છતાં કોઈ કામ કરી શકી નહીં. આનાથી દિલ્હી સરકાર અને એમસીડી બંનેમાં સત્તા વિરોધી ભાવના પેદા થઈ. કેજરીવાલ અને તેમની પાર્ટી પ્રત્યે લોકોનો આકર્ષણ ઓછો થવા લાગ્યો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ AAP ને દિલ્હી માટે AAPda કહીને લોકોની આંખો ખોલી નાખી. તેમનું આ સૂત્ર લોકપ્રિય બન્યું. દિલ્હીના લોકોએ AAP "દા" ને દૂર કરવાની પ્રતિજ્ઞા લીધી. ઉપરાંત, તેમણે પીએમ મોદી દ્વારા આપવામાં આવેલી ગેરંટી પર વિશ્વાસ કરવાનું શરૂ કર્યું. મફત સુવિધાઓ ઈચ્છતા મતદારો માટે, ભાજપે જાહેર કલ્યાણકારી યોજનાઓ ચાલુ રાખવાની અને મહિલાઓને દર મહિને રૂ. ૨૫૦૦ અને ગર્ભવતી મહિલાઓને રૂ. ૨૧૦૦૦ આપવાની જાહેરાત કરીને AAPની મફત વીજળી અને પાણીની ગેરંટીનો વિરોધ કર્યો. તેથી, મતદારોએ ભાજપને ભારે મતદાન કર્યું. આ ઉપરાંત, ભાજપે લોકોને પરેશાન કરતા તમામ મુદ્દાઓ પર AAPને ઘેરીને જનતાનું ધ્યાન ખેંચ્યું. કોંગ્રેસ સાથે ગઠબંધન કરીને લોકસભા ચૂંટણી લડનાર AAP પાર્ટીએ આ વખતે એકલા વિધાનસભા ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. આવી સ્થિતિમાં, AAP થી નારાજ ઘણા મતદારો અને મુસ્લિમ મતદારો પણ કોંગ્રેસ તરફ વળ્યા. દિલ્હીમાં AAPની હારનું કારણ પણ આ જ બન્યું. આમ આદમી પાર્ટીની હાલત એવી થઈ ગઈ કે એક સમયે દિલ્હીના તત્કાલીન મુખ્યમંત્રી શીલા દીક્ષિતને હરાવનારા અરવિંદ કેજરીવાલ પોતાની સીટ પણ બચાવી શક્યા નહીં. આ સાથે તેમના વરિષ્ઠ નેતાઓ મનીષ સિસોદિયા, સૌરભ ભારદ્વાજ અને ભૂતપૂર્વ આરોગ્ય પ્રધાન સત્યેન્દ્ર જૈન પણ ચૂંટણી હારી ગયા.

### કેજરીવાલને ભાજપના પ્રવેશ વર્માએ હરાવ્યા

# અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા હાર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં મોટો અપસેટ સર્જાયો છે. દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ અને પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા ચૂંટણી હારી ગયા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીની સૌથી વીવીઆઈપી સીટ નવી દિલ્હી પર પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલને ભાજપના ઉમેદવાર પરવેશ વર્માએ હરાવ્યા. સવારે આઠ વાગ્યે મત ગણતરી શરૂ થઈ ત્યારથી કેજરીવાલ સતત પાછળ ચાલી રહ્યા હતા. લગભગ બે કલાકની મત ગણતરી બાદ કેજરીવાલ થોડા સમય માટે આગળ નીકળી ગયા હતા, પરંતુ આખરે તેઓ ૩૧૮૨ વોટથી ચૂંટણી હારી ગયા છે.

બીજી તરફ જંગપુરા વિધાનસભા સીટ પર પણ આમ આદમી પાર્ટીનો મોટો ઝટકો લાગ્યો છે. આપના ઉમેદવાર અને દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને ભાજપના ઉમેદવાર તરવિંદર સિંહ મારવાહે હરાવ્યા. કાલકાજી વિધાનસભા સીટ પણ ઘણી હોટ સીટ હતી. આ બેઠક પરથી દિલ્હીના સીએમ આતિશી મેદાનમાં હતા.તેઓ ચૂંટણી જીતી ગયા છે. આતિશીએ ભાજપના ઉમેદવાર રમેશ બિધૂડીને લગભગ ૪ હજાર વોટથી હરાવ્યા.

અરવિંદ કેજરીવાલને હરાવ્યા બાદ તરત જ પરવેશ વર્માએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ફોન કર્યો હતો. જણાવાઈ રહ્યું છે કે, શાહે તેમને તાત્કાલીક મળવા બોલાવ્યા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, ભાજપ પરવેશ વર્માને નવી સરકારમાં મોટી જવાબદારી સોંપી શકે છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, કેજરીવાલને હરાવ્યા બાદ પરવેશ વર્મા સીએમ પદના પ્રબળ દાવેદારોમાં સામેલ થઈ ગયા છે. આમ પણ નવી દિલ્હી સીટનો ઈતિહાસ રહ્યો છે કે, આ સીટ પરથી ચૂંટણી જીતનારા સીએમ બને છે. શિલા દીક્ષિત, અરવિંદ કેજરીવાલ આ સીટ પરથી ચૂંટણી જીતી ચૂક્યા છે.

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમા ભાજપ અને આપ વચ્ચે મુખ્ય મુકાબલો હતો. પરિણામોના જે રૂઝાન આવી રહ્યા છે, તે જોતાં દિલ્હીમાં ભાજપની સરકાર બનવા જઈ રહી છે. દિલ્હી પર ૧૦ વર્ષ શાસન કરનારી આમ આદમી પાર્ટી માટે આ પરિણામો મોટા ફટકા સમાન છે.

# કેજરીવાલને હરાવી પરવેશ વર્માએ AAPમાં ફેલાવી દીધો સન્નાટો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોએ બધાને ચોંકાવી દીધા છે. ભારતીય જનતા પાર્ટીએ લગભગ એકતરફી વિજય મેળવીને ઈતિહાસ રચ્યો છે. વાત ફક્ત આટલા પૂરતી જ મર્યાદિત નથી કે ભાજપ સત્તામાં પાછી ફરી રહી છે, પરંતુ એ પણ આશ્ચર્યજનક છે કે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સૌથી મોટા નેતા અરવિંદ કેજરીવાલને નવી દિલ્હી બેઠક પર પણ હારનો સામનો કરવો પડ્યો છે. ઘણી ઉથલપાથલ પછી ૧૦ વર્ષ સુધી મુખ્યમંત્રી રહેલા કેજરીવાલનો આખરે પરાજય થયો છે. પરવેશ વર્મા દિલ્હીના એક અગ્રણી રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે, તેઓ દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતાઓમાંના એક સાહિબ સિંહ વર્માના પુત્ર છે. કાકા આઝાદ સિંહ ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે સેવા આપી હતી અને ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાજપની ટિકિટ પર મુંડકા મતવિસ્તારમાંથી ચૂંટણી લડી હતી.

૧૯૭૭માં જન્મેલા પરવેશ વર્માએ દિલ્હી પબ્લિક સ્કૂલ આરકે પુરમમાંથી શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું અને પછી દિલ્હી યુનિવર્સિટીની કિરોડીમલ કોલેજમાંથી બેચલર ઓફ આર્ટ્સની ડિગ્રી મેળવી છે. આ પછી તેણે ફોર સ્કૂલ ઓફ મેનેજમેન્ટમાંથી MBA કર્યું. રાજકારણમાં તેમનો પ્રવેશ ૨૦૧૩ માં થયો હતો જ્યારે તેમણે મહેરૌલી મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરીને દિલ્હી વિધાનસભા જીતી હતી. તેમણે ૨૦૧૪ માં પશ્ચિમ દિલ્હી સંસદીય બેઠક જીતીને પાર્ટીમાં પોતાનું સ્થાન વધુ મજબૂત બનાવ્યું. આ પછી તેમણે ૨૦૧૯ ની ચૂંટણીમાં ફરીથી પ્રચંડ વિજય મેળવ્યો, જ્યાં તેઓ ૫.૭૮ લાખ મતોના માર્જિનથી જીત્યા. નવાઈની વાત એ છે કે તે ચૂંટણીઓ હતી જ્યારે દિલ્હીમાં આમ આદમી પાર્ટીની આંધી હતી.

સાંસદ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન તેઓ સંસદસભ્યોના પગાર અને ભથ્થાં પરની JPC ના સભ્ય પણ રહ્યા છે અને શહેરી વિકાસ પરની સ્થાયી સમિતિમાં પણ સેવા આપી છે. ૨૦૨૫ ની દિલ્હી ચૂંટણી પહેલાં પરવેશ વર્માએ કેજરીવાલ હટાવો, દેશ બચાવો નામનું અભિયાન શરૂ કર્યું હતું, આ અભિયાન હેઠળ તેમણે આમ આદમી પાર્ટી સરકારની આકરી ટીકા કરી હતી અને એવા વચનોની યાદી આપી હતી જે AAP સરકાર પૂર્ણ કરી શકી નથી.






### પતિના માસી સહિતના આખા પરિવારને પત્ની દ્વારા આરોપી બનાવાતા સુપ્રીમની ટકોર

# ઘરેલુ હિંસાના કેસોમાં સાસરિયાને આડેધડ સામેલ ના કરી શકો : સુપ્રીમ

## આરોપી પરિવારના સભ્યોનો ગુનો શું છે તેની વિગતો દર્શાવવી જરૂરી, મનફાવે તેને આરોપી ના બનાવી શકો તેવી ટકોર

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી



એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કોઈ જ વિશિષ્ટ આરોપો વગર ઘરેલુ હિંસાના કેસોમાં પરિવારના સભ્યોને ફસાવવાના કેસોની સુનાવણી દરમિયાન સાવચેતી રાખવાની ટકોર કરી હતી. સુપ્રીમના ન્યાયાધીશ બી. વી. નાગરત્ના અને ન્યાયાધીશ એન. કોટિશ્વરસિંહની બેંચે કહ્યું હતું કે ઘરેલુ હિંસાના કેસોમાં પરિવારના સભ્યો સામે નક્કર આરોપો વગર જ આડેધડ આરોપી ના બનાવી શકાય. આમ કરીને ગુનાહિત પ્રક્રિયાનો દુરુપયોગ ના કરી શકો. ઘરેલુ હિંસાના એક મામલામાં ફરિયાદી મહિલાએ પતિ અને તેમના પરિવારના લોકોને તો આરોપી બનાવ્યા જ હતા સાથે પતિના માસી અને પિતરાઈ ભાઈ સહિત પરિવારના અન્ય લોકોને પણ આરોપી બનાવ્યા હતા અને ફરિયાદ દાખલ કરાવી હતી. પરિણામે આરોપીઓ દ્વારા તેલંગાણા હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી, હાઈકોર્ટે શરૂઆતમાં પરિવારના અન્ય લોકો સામેની ફરિયાદ રદ કરવાની ના પાડી દીધી હતી, બાદમાં પરિવારના લોકો સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને પલટીને કહ્યું હતું કે પરિવારના અન્ય લોકોને આરોપી બનાવવામાં આવ્યા તેમની સામે કોઈ વિશેષ આરોપો જ નથી, લગ્ન સંબંધી મામલાઓમાં લાગણીઓ વધી જાય છે, જેનાથી કેસમાં અતિશયોક્તિ થઈ શકે છે જે બાદમાં ઘરેલુ વિવાદોમાં અયોગ્ય રીતે આપરાધિક મામલામાં ફેરવાઈ શકે છે. જ્યારે ગુસ્સો વધી જાય અને સંબંધો ખરાબ થાય છે ત્યારે આરોપોને વધારીને રજુ કરવાની વૃત્તિ પણ તેમાં સામેલ હોય છે. પરંતુ તેનો એ મતલબ નથી કે આવા ઘરેલુ વિવાદોને ગુનાનો રંગ અપાય. સુપ્રીમ કોર્ટે પરિવાર સંસ્થાની મહત્વની ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો અને તેને માનવ સમાજનું મૂળ ગણાવી હતી.સુપ્રીમે કહ્યું હતું કે આ પરિવાર સંસ્થા પ્રેમ, સ્નેહ અને એકબીજા પરના વિશ્વાસના પાયા પર બની છે. કાયદાનો ઉદ્દેશ્ય ઘરેલુ હિંસાનો શિકાર બનતી મહિલાઓના રક્ષણ માટે છે, તેનો ઉપયોગ યોગ્ય પુરાવા વગર જ પારિવારિક સંબંધો તોડવા માટે ના કરી શકાય. જો પરિવારના અન્ય સભ્યો હિંસા કે ઝઘડામાં સામેલ ના થાય કે પીડિતને મદદ ના કરે તો તેનો મતલબ એ નથી કે તેમને પણ ઘરેલુ હિંસાના કેસમાં આરોપી બનાવી દેવાય. આ કેસમાં પીડિતાએ જ કાયદાનો દુરુપયોગ કર્યાનું સાબિત થાય છે. પીડિતાએ તમામને આરોપી તો બનાવ્યા પણ તેમનો શું ગુનો છે તે સાબિત ના થયું, સુપ્રીમે કહ્યું હતું કે આવા મામલામાં પરિવારના ક્યા સભ્યએ ક્યો ગુનો કર્યો તે દર્શાવવું જરૂરી છે.

# તંત્રી લેખ......

## જળવાયુ પરિવર્તનનો માર

યુરોપના જળવાયુ મૉનિટર કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસનો એક રિપોર્ટનો એ દાવો ખરેખર ચોંકાવનારો છે કે આ વર્ષનો પહેલો મહિનો અત્યાર સુધીનો સૌથી ગરમ જાન્યુઆરી સાબિત થયો છે. આ સ્થિતિ ત્યારે છે, જ્યારે પ્રશાંત મહાસાગરમાં લા-નીનાની સ્થિતિઓ વિકસિત થઈ રહી છે, જે સામાન્ય રીતે વૈશ્વિક તાપમાનને ઓછું કરવાનું કામ કરે છે. તાપમાનનું આ રીતે વધવું આપણને એ સમજવા માટે મજબૂર કરે છે કે જળવાયુ પરિવર્તન હવે માત્ર પ્રાકૃતિક ચક્રનો હિસ્સો નથી, બલ્કે એક માનવીય સંકટ બની ચૂક્યું છે. જેના માટે જવાબદાર આપણે જ છીએ. રિપોર્ટ એ પણ દર્શાવે છે કે જાન્યુઆરી, ૨૦૨૫નું સરેરાશ વૈશ્વિક તાપમાન ઔદ્યોગિક ક્રાંતિના પહેલા સ્તરથી ૧.૭ ડિગ્રી સેલ્સિયસ વધારે નોંધવામાં આવ્યું છે, જે પેરિસ સમજૂતીમાં નક્કી ૧.૫ ડિગ્રીની સીમાને પાર કરવાનો એક બીજો ખતરનાક સંકેત છે. સામાન્ય દશાઓમાં માર્ચ અને એપ્રિલના મહિના વસંત ઋતુના માનવામાં આવે છે, પરંતુ હવે જ્યારે ફેબ્રુઆરીમાં જ એપ્રિલવાળા તાપમાનની સ્થિતિઓ પેદા થઈ છે તેને અને દુનિયાભરના હવામાન વિજ્ઞાનીઓની આશંકાઓને જોતાં એવું લાગી રહ્યું છે કે મોસમી બદલાવ હવામાનની પ્રચલિત પરિભાષાઓને ઝડપતી બદલી રહ્યો છે, જે ખરેખર ચિંતાજનક બાબત છે. આ બદલાવથી પેદા થઈ રહેલી સમસ્યાઓમાં સૌથી મોટી સમસ્યા તો તેને સમસ્યા જ નહીં સમજવાનો દૃષ્ટિકોણ છે. ગયા વર્ષે જ્યારે આપણે ૧૯૦૧ બાદનો ત્રીજો સૌથી ગરમ જાન્યુઆરી જોયો હતો, ત્યારે પણ ઘણું બધું કહેવાયું અને લખવામાં આવ્યું હતું, પરંતુ આ વર્ષે જાન્યુઆરીએ પાછલા તમામ રેકોર્ડ તોડતાં ભૂલોથી બોધપાઠ નહિ લેવાની મનુષ્યની પ્રવૃત્તિને જ ઉઘાડી પાડી છે. જંગલોની કાપણી, શહેરીકરણ, વધતું પ્રદૂષણ અને કાર્બન ઉત્સર્જન વાતાવરણને ઝડપથી ગરમ બનાવી રહ્યા છે. તે ઉપરાંત હિમનદીનું પીગળવું, સમુદ્ર સ્તરમાં વૃદ્ધિ અને ચરમ મોસમીઘટનાઓની વધતી આવૃત્તિમાં આપણને ચેતવણી આપી રહી છે કે જળવાયુ પરિવર્તન દૂરગામી સમસ્યા નહીં, બલ્કે આપણા વર્તમાનને સૌથી મોટો પડકાર બની ચૂક્યો છે. જો આપણે આપણા ઋતુચક્રને સંતુલિત બનાવી રાખવું હશે તો જળવાયુ પરિવર્તનને ગંભીરતાથી લેવું પડશે. વૃક્ષારોપણ, હરિત ક્ષેત્રોનું સંરક્ષણ, પ્રદૂષણ નિયંત્રણ અને સતત વિકાસની નીતિઓને અપનાવીને જ આ સંતુલનને પામી શકાશે. સરકારે જળવાયુ નીતિઓને પ્રભાવી બનાવવી પડશે, સાથે જ સામાન્ય નાગરિકોને પણ પોતાના સ્તર પર જાગૃત થઈને યોગદાન આપવું પડશે. જાન્યુઆરી, ૨૦૨૫ની રેકોર્ડ તોડ ગરમી એ યાદ અપાવવા માટે પર્યાપ્ત છે કે આપણે જો હજુ પણ નહીં જાગીએ તો આશ્ચર્ય નહીં કે ઋતુરાજ વસંતનું આગમન માત્ર કવિતાઓમાં જ સાંભળવા મળે!

### મહાનુભાવોના હસ્તે ૮૪ વિદ્યાર્થીઓને GICEA ગોલ્ડ મેડલ એનાયત

# ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં GICEAની ૩૦મી ગોલ્ડ મેડલ સેરેમની યોજાઈ

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના લક્ષ્યને પરિપૂર્ણ કરવામાં આર્કિટેક્સ અને સિવિલ એન્જીનિયર્સની ભૂમિકા ખૂબ અગત્યનીટેક્નોલોજીનો કન્સ્ટ્રક્ટિવ ઉપયોગ થવો જોઈએ, ડિસ્ટ્રક્ટિવ નહીં : શ્રી ઋષિકેશ પટેલ**







ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં GICEAની ૩૦મી ગોલ્ડ મેડલ સેરેમની યોજાઈ હતી. અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી સ્થિત ઉપાસના એમ્ફી થિયેટરમાં આયોજિત આ સમારોહમાં કુલ ૮૪ વિદ્યાર્થીઓને GICEA ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

મંત્રીશ્રી ઋષિકેશ પટેલે અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારતના લક્ષ્યને પરિપૂર્ણ કરવામાં આર્કિટેક્સ અને સિવિલ એન્જીનિયર્સની ભૂમિકા ખૂબ અગત્યની છે. આદિકાળથી સંસ્કૃતિનો પરિચય સ્થાપત્ય દ્વારા આપણને મળતો આવ્યો છે. વિવિધ દેશોની સંસ્કૃતિની ભૂમિકા આપી તેમણે ઉમેર્યું કે, આપણી સંસ્કૃતિ વિશ્વબંધુત્વની છે. તાજેતરમાં અમેરિકામાં નિમાયેલી ટ્રમ્પ સરકારમાં મૂળ ભારતીયોની સંખ્યાથી એ વાતની સાબિતી મળે છે કે આવનારો સમય ભારતનો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ પ્રયાસોને કારણે ભારતમાં જ યુવાઓને રચનાત્મક વિચારોને અમલમાં લાવવા માટે અસરકારક પ્લેટફોર્મ મળી રહ્યું છે. સ્ટાર્ટઅપ પોલિસી, ન્યૂ એજ્યુકેશન પોલિસી સહિતના કેન્દ્ર સરકારના પગલાંઓને લીધે યુવાઓને કારકિર્દી બનાવવાના વિશાળ દ્વારો ખુલ્યા છે. ભારતની પ્રતિભા હવે ભારતમાં જ ટકી રહે તેવી સુંદર પરિસ્થિતિ અત્યારે નિર્માણ પામી છે. એમ તેમણે ઉમેર્યું હતું.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેક્નોલોજીના વધતા વ્યાપનો ઉલ્લેખ કરતા તેઓશ્રીએ ઉમેર્યું હતું કે, ટેક્નોલોજીનો કન્સ્ટ્રક્ટિવ ઉપયોગ થવો જરૂરી, ડિસ્ટ્રકટિવ નહીં. છેં સહિત નવીનત્તમ ટેકનોલોજીથી દેશનું ગૌરવ વધારનારા નિર્માણો થાય તે આપ સૌનો ધ્યેય હોવો જોઈએ તેવું સૂચન પણ મંત્રીશ્રીએ કર્યું હતું.

આ અવસરે NIDના ડિરેક્ટ શ્રી અશોક મોંડલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૂત્ર 'વિરાસત પણ, વિકાસ પણ'ને સાર્થક કરવા માટેની જવાબદારી આપણા સૌની પણ છે. પ્રાચીનકાળથી વર્તમાન સુધી આપણા સ્થાપત્યો સર્વ સમાવેશી રહ્યા છે. જેનાથી વિશ્વબંધુથી વિશ્વગુરુ બનવા માટે આપ સહુ યુવાઓનું યોગદાન પણ એટલું જ જરૂરી છે.

BAOUના વાઈસ ચાન્સેલર શ્રી અમી ઉપાધ્યાયે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં તૈયાર થયેલી ન્યૂ એજ્યુકેશન પોલિસીમાં આપણી પ્રાચીન વિદ્યાકલાની છણાવટ જોવા મળે છે. તેમણે વિદ્યાર્થીઓને તેમની નિપુણતા લોકઉપયોગી કાર્યમાં લગાવવા સૂચન પણ કર્યું હતું.

આ અવસરે ITPIના નેશનલ પ્રેસિડેન્ટ શ્રી એન.કે.પટેલ, GICEAના પ્રેસિડેન્ટ શ્રી બકુલ દેસાઈ તેમજ GICEAના હોદ્દેદારો, ગોલ્ડ મેડલીસ્ટ વિદ્યાર્થીઓના વાલીઓ, ઈન્સ્ટિટ્યૂટના પ્રોફેસર્સ અને સ્ટાફ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

### સુપ્રીમ કોર્ટે પોલીસને ફટકાર લગાવી

# કારણ વગર ધરપકડ ગેરકાયદેસર છે, બંધારણનું ઉલ્લંઘન છે

**અટકાયત કરાયેલા દરેક વ્યક્તિનો એ મૂળભૂત અધિકાર છે કે ધરપકડના કારણો વિશે શક્ય તેટલી વહેલી તકે જાણ કરવી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક ઐતિહાસિક ચુકાદામાં કહ્યું હતું કે બંધારણની કલમ ૨૨(૧) હેઠળ ધરપકડ કરાયેલ વ્યક્તિને તેની ધરપકડના કારણો વિશે જાણ કરવી એ માત્ર ઔપચારિકતા નથી, પરંતુ એક આવશ્યક બંધારણીય જરૂરિયાત છે. જો આ જોગવાઈનું પાલન કરવામાં નહીં આવે તો ધરપકડ ગેરકાયદેસર ગણવામાં આવશે. જસ્ટિસ એ.એસ.ઓકા અને જસ્ટિસ એન.કે.સિંઘની બેંચે કલમ ૨૨(૧)નું પાલન ન કરવાને કારણે હરિયાણા પોલીસ દ્વારા કરાયેલી ધરપકડને ગેરકાયદેસર જાહેર કરી અને આરોપીને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. ખંડપીઠે કહ્યું કે કલમ ૨૨ને મૂળભૂત અધિકારો હેઠળ બંધારણના ભાગ ૩માં સામેલ કરવામાં આવી છે.

આમ, ધરપકડ કરાયેલા અને અટકાયત કરાયેલા દરેક વ્યક્તિનો એ મૂળભૂત અધિકાર છે કે ધરપકડના કારણો વિશે શક્ય તેટલી વહેલી તકે જાણ કરવી. જો ધરપકડ પછી ધરપકડના કારણોની જાણ શક્ય તેટલી વહેલી તકે કરવામાં નહીં આવે, તો તે કલમ ૨૨(૧) હેઠળ ધરપકડથી બચવાના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન હશે.

ખંડપીઠે કહ્યું, બંધારણના ભાગ III હેઠળના મૂળભૂત અધિકારો હેઠળ કલમ ૨૨નો સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી, ધરપકડના કારણો વિશે શક્ય તેટલી વહેલી તકે જાણ કરવી એ દરેક ધરપકડ કરાયેલ વ્યક્તિનો મૂળભૂત અધિકાર છે. જો આમ કરવામાં નહીં આવે, તો તે કલમ ૨૨(૧) હેઠળ આપેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન હશે અને ધરપકડ ગેરકાયદેસર બની જશે.

જસ્ટિસ એન.કે.સિંહે કહ્યું કે ધરપકડના કારણોની જાણ માત્ર ધરપકડ કરાયેલ વ્યક્તિને જ નહીં પરંતુ તેના મિત્રો, સંબંધીઓ અથવા તેના દ્વારા નામાંકિત અન્ય વ્યક્તિઓને પણ કરવી જોઈએ, જેથી તેઓ કાયદાકીય પ્રક્રિયા દ્વારા ધરપકડને પડકારી શકે અને તેની મુક્તિ સુનિશ્ચિત કરી શકે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પંકજ બંસલ દૃજ યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં તેણે સૂચન કર્યું હતું કે ધરપકડના આધારો સાથે વાતચીત કરવાનો યોગ્ય અને આદર્શ માર્ગ લેખિતમાં ધરપકડનું કારણ પ્રદાન કરવું છે. જ્યારે તેણે કહ્યું કે ધરપકડના કારણોને લેખિતમાં જાણ કરવાની કોઈ આવશ્યકતા નથી, જો લેખિત પદ્ધતિનું પાલન કરવામાં આવે તો અનુપાલન અંગેનો વિવાદ જરા પણ ઊભો થશે નહીં.

જસ્ટિસ ઓકાએ કહ્યું, અમેરિકાનું કારણ લેખિતમાં આપવાની જરૂર ન હોવા છતાં, લેખિતમાં આપવાથી વિવાદનો અંત આવશે. પોલીસે હંમેશા કલમ ૨૨ની જરૂરિયાતોનું કડકપણે પાલન કરવું જોઈએ. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો કલમ ૨૨(૧)નું પાલન ન કરવાને કારણે ધરપકડ ગેરકાયદેસર છે, તો મેજિસ્ટ્રેટે ધરપકડની કાયદેસરતાની તપાસ કરવી જોઈએ. મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવું એ અદાલતોની ફરજ છે. બેન્ચે કહ્યું, કલમ ૨૨(૧)ના ઉલ્લંઘનના કિસ્સામાં, કોર્ટ આરોપીને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપશે. કાયદા હેઠળ જામીન પર પ્રતિબંધ હોય તો પણ આ જામીન આપવાનો આધાર બનશે.

## ભારતીય રેલવેઃ ચાલો કાશ્મીર જઈએ!

જયા વર્મા સિન્હા- ભારતીય રેલવેના પૂર્વ અધ્યક્ષ અને મુખ્ય કાર્યકારી અધિકારી



ચિનાબ નદીના ઊંડા લીલા પાણીને માપતો વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ, તમને ઠંડા પવનોની સાથે સાહસનો એક અનોખો અનુભવ કરાવે છે. ઊંચી-ઊંચી પર્વતમાળાઓથી ઘેરાયેલો, ચિનાબ નદી પરનો આ પુલ સમુદ્ર સપાટીથી ૩૫૯ મીટર ઉપર છે - ઊંચાઈમાં એફિલ ટાવર કરતા ૩૫ મીટર ઊંચો છે, અને કુતુબ મિનાર કરતા લગભગ પાંચ ગણો ઊંચો છે! વાદળોનો મુગટ પહેરીને, પર્વતોની છાતી પર પહોળા અને મજબૂત પાયાના ટેકા સાથે મજબૂત રીતે ઉભો રહેલો, આ પુલ ભારતીય રેલવેની ટેકનિકલ ચેતનાનું પ્રતીક તો છે જ, ઉપરાંતમાં આધુનિકીકરણ માટેની આપણી આકાંક્ષાઓની યાદ પણ અપાવે છે. અત્યાધુનિક મશીનરી અને જાળવણીથી સજ્જ, ૨૬૬ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનનો સામનો કરવા સક્ષમ, ચિનાબ બ્રિજ ઉધમપુર - શ્રીનગર - બારામુલ્લા રેલવે લિંક (USBRL) ની ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓનું દ્યોતક છે.

લગભગ ૩૭,૦૦૦ કરોડના ખર્ચે નિર્મિત, USBRL ની ૨૭૨ કિમી લાંબી રેલવે લાઇન વિશ્વના સૌથી જટિલ અને પડકારજનક પ્રોજેક્ટ્સમાંની એક છે.

દુર્ગમ ઊંડી ખીણો અને ઊંચા પર્વતોમાંથી પસાર થતી આ રેલવે લાઇન ૯૪૩ પુલો અને ૩૬ મુખ્ય ટનલોમાંથી પસાર થાય છે, જેમાં ભારતની સૌથી લાંબી રેલવે ટનલ, T-૫૦, જે ૧૨.૭૭ કિમી લાંબી છે, તેનો સમાવેશ થાય છે. USBRLના કટરા-બનિહાલ સેક્શન પર ભારતનો પહેલો કેબલ-સ્ટેડ રેલવે બ્રિજ, અંજી ખડ્ડ બ્રિજ છે. ૯૬ કેબલ્સના આધારે ટકેલો, સમુદ્રની સપાટીથી ૩૩૧ મીટર ઊંચો અને ૭૨૫ મીટર લાંબો, આ પુલ ડિઝાઈન અને એન્જિનિયરિંગનો અજાયબી છે.

કાશ્મીરને વ્યાપક અને નિર્વિરોધ કનેક્ટિવિટી પૂરી પાડતી આ લાઇન વિશ્વના કેટલાક સૌથી આકર્ષક અને સુંદર પરિદ્રશ્યોને પણ પોતાના અનુભવોમાં સમાવે છે. આ રેલવે લિંકમાં પર્યટન, વેપાર અને સુરક્ષાને વેગ આપવાની ક્ષમતા છે જેનાથી જમ્મુ અને કાશ્મીરના સામાજિક-આર્થિક પરિદ્રશ્યમાં પણ પ્રગતિ થશે. આ લાઇન પર બનેલા રેલવે સ્ટેશનો જમ્મુ અને કાશ્મીરની પ્રગતિ, સુરક્ષા અને સમૃદ્ધિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કાઝીગુંડ, જેને 'કાશ્મીર ખીણનો પ્રવેશદ્વાર' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે દક્ષિણ કાશ્મીર અને પૂર્વીય પ્રદેશો વચ્ચે એક મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરે છે. પમ્પોર, શ્રીનગર, સોપોર અને અનંતનાગ સ્ટેશનો કાશ્મીર ખીણમાં આર્થિક પ્રવૃત્તિના મુખ્ય કેન્દ્રો છે. આ ઉપરાંત, રિયાસી અને કટરા સ્ટેશનો માતા વૈષ્ણોદેવી મંદિરની નજીક હોવાને કારણે આધ્યાત્મિક અને આર્થિક દ્રષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ છે.

ટૂંક સમયમાં, કટરાથી શ્રીનગર સુધીની અત્યાધુનિક વંદે ભારત ટ્રેનનું USBRL રેલવે લાઇન પર નિયમિતપણે સંચાલન થશે, જેની આપણે બધા દેશવાસીઓ પણ આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ! અહીં સંચાલિત થનારી વંદે ભારત એક્સપ્રેસ ખાસ કરીને કાશ્મીરની ઠંડી અને હિમવર્ષાની પડકારજનક પરિસ્થિતિઓમાં સુગમ સંચાલન માટે વિશેષરૂપે તૈયાર કરવામાં આવી છે. આધુનિક સુવિધાઓ ઉપરાંત, તેની અદ્યતન હીટિંગ સિસ્ટમ્સ એ સુનિશ્ચિત કરે છે કે આ ટ્રેન, શૂન્યથી નીચેના તાપમાનમાં પણ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ પ્રદાન કરાવે. ડ્રાઈવરની સામેના કાચમાં પણ હીટિંગ ઉપકરણો લગાવવામાં આવ્યા છે, જેથી ઠંડીમાં પણ સ્પષ્ટ દ્રશ્યતા થઈ શકે. કાશ્મીરની પોતાની વંદે ભારત વિશ્વ કક્ષાની યાત્રા માટે તૈયાર છે.

'કાશ્મીરથી કન્યાકુમારી' સુધી ભારત હંમેશા એક રહ્યું છે. ભારતીય રેલવેની આ નવનિર્મિત રેલવે લાઇન, આ ક્ષેત્રમાં વર્ષોથી અટકેલા વિકાસ કાર્યને પૂર્ણ કરવાની સાથે કાશ્મીરને નિર્વિરોધ રેલવે કનેક્ટિવિટી પૂરી પાડી રહી છે, જેની સાથે જ સમગ્ર પ્રદેશ વિકાસના નવા પરિમાણો સ્થાપિત કરશે. કાશ્મીર ખીણના ચોકીદાર પીર પંજાલ, બનિહાલ ટનલમાંથી પસાર થતી ટ્રેનના પૈડાના મધુર સંગીતની રાહ જુએ છે! ખરેખર, કાશ્મીર હવે બહુ દૂર નથી!

### મુખ્યમંત્રીશ્રીના હસ્તે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સર્જિકલ રોબોટનું લોકાર્પણ કરાયું

# અમદાવાદમાં ટ્રાન્સપ્લાન્ટેશન અપડેટ-૨૦૨૫ કોન્ફરન્સનો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદની અસારવા સિવિલ હૉસ્પિટલ ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ટ્રાન્સપ્લાન્ટેશન અપડેટ કોન્ફરન્સ-૨૦૨૫નો શુભારંભ કરાવ્યો હતો તેમજ પ્રત્યારોપણ અંગેના અત્યાધુનિક રોબોટનું લોકાર્પણ કર્યું હતું. આ તકે રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના 'વિરાસત ભી, વિકાસ ભી' મંત્રને યાદ કરતાં કહ્યું કે આજે આપણને ટેક્નોલૉજીની દૃષ્ટિએ જે નવીન લાગે છે એવી અનેક વિરાસત આપણી પાસે, આપણાં પુરાણોમાં પડેલી છે. આ માટે તેમણે ગણેશજીનું ઉદાહરણ આપતાં કહ્યું કે પુરાણોમાં દર્શાવેલી આ ઘટના પણ ટ્રાન્સપ્લાન્ટેશનનું જ ઉદાહરણ છે. આપણે આ વિરાસત સાચવવાની છે તેમ મુખ્યમંત્રીશ્રીએ દૃઢપણે જણાવ્યું હતું.

**આપણાં પુરાણોમાં બધા જ રોગોનો ઉપચાર છે જ, આજે ટેક્નોલૉજીની મદદથી તેને ઉજાગર કરવાનો સમય છેઃ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ : મુખ્યમંત્રીશ્રી**

શ્રી પટેલે કહ્યું કે આપણાં પુરાણોમાં તમામ રોગોના ઉપાયો દર્શાવ્યા છે જ, આજે તેને નવી ટેક્નોલૉજીની મદદથી ઉજાગર કરવાનો સમય છે. આજે વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં અને ગુજરાતમાં મેડિકલ ટૂરિઝમનો વિકાસ થઈ રહ્યો છે, ત્યારે રાજ્ય સરકાર આ ક્ષેત્રે તમામ સહાય કરવા માટે કટિબદ્ધ છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે લોકો ભારતમાં આવે અને અહીંથી કંઈક શીખીને જાય એવો વારસો આપણે જાળવી રાખવાનો છે.

કિડની ટ્રાન્સપ્લાન્ટેશન ક્ષેત્રે ડૉ. એચ.એલ. ત્રિવેદીના પ્રદાનને બિરદાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે નાની ઉંમરે માણસને અંગદાનથી નવજીવન મળે તેનો આનંદ એ વ્યક્તિ કે તેનો પરિવાર જ વર્ણવી શકે. માનવજીવનને બચાવવા માટે જરૂરી તમામ સહાય કરવા માટે સરકાર હંમેશાં નાગરિકોની પડખે જ છે તેવું તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું.

ટેકનોલૉજીના વધતાં વ્યાપ અને પ્રભુત્વ વચ્ચે તેના ઉપયોગથી અંગ પ્રત્યારોપણ માટે નવાં કેન્દ્રો શરૂ કરવા સૂચન પણ કર્યું હતું. લોકોને તેમની નજીકના કેન્દ્રથી જ યોગ્ય અને ઝડપી સારવાર મળી રહે તે માટે આવાં કેન્દ્રો ઉપયુક્ત બનશે એમ તેમણે ઉમેર્યું હતું.

આ તકે ઉપસ્થિત આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે અસારવા સિવિલ હોસ્પિટલના તજ્જ્ઞ તબીબોને નવરત્નો સાથે સરખાવીને કહ્યું કે ૨૧મી સદીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ભારતમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતમાં આરોગ્ય, કૃષિ, ઔદ્યોગિક સહિતનાં તમામ ક્ષેત્રે ૩૬૦ ડિગ્રી બદલાવ આવ્યો છે. આજે આપણે દુનિયામાં ટેકનોલોજી એક્સપોર્ટ કરતાં થયા છીએ અને દુનિયાના વિકસિત રાષ્ટ્રોની હરોળમાં બેસવા સક્ષમ બન્યા છીએ.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે એઆઈ-આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આજે વાસ્તવિકતા બની છે, ત્યારે રાજ્ય સરકારે ટેકનોલોજી ક્ષેત્રે તમામ સુવિધાઓ માટે દરવાજા ખુલ્લા મૂકી દીધા છે.

ખાસ કરીને, વર્ષ-૨૦૨૧ પછી રાજ્યમાં આરોગ્યક્ષેત્રે અને તેમાંય અંગ પ્રત્યારોપણ માટેની મેરેથોન ઝુંબેશ શરૂ થઈ છે. પરિણામસ્વરૂપ અનેક લોકો-પરિવારો અંગદાન માટે આગળ આવ્યા છે. ત્યારે અસારવા સિવિલમાં શરૂ કરવામાં આવેલા અનેક પ્રકલ્પોની શરૂઆત એ દર્શાવે છે કે આવનારો સમય ગુજરાતનો છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રિમોટ કંટ્રોલના માધ્યમથી પ્રત્યારોપણ અંગેના અત્યાધુનિક રોબોટનું લોકાર્પણ તેમજ સોવેનિયરનું વિમોચન કર્યું હતું. તદુપરાંત, ડૉ. રાકેશ જોશીને ઋષિ દધીચિ સન્માનથી તેમજ ડૉ. ડીટર બ્રોરિંગને મહર્ષિ સુશ્રુત જ્ઞાનપીઠ પુરસ્કારથી મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ તકે અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભા જૈન, ધારાસભ્ય સુશ્રી દર્શનાબેન વાઘેલા, આરોગ્ય વિભાગના અગ્રસચિવશ્રી ધનંજય દ્વિવેદી, ભારત સરકારના આરોગ્ય સેવાઓના નિયામકશ્રી ડૉ. અતુલ ગોયલ, નેશનલ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનના ડાયરેક્ટરશ્રી ડૉ. અનીલ કુમાર, ડૉ. પ્રાંજલ મોદી સહિતના મહાનુભાવો તેમજ આ ત્રિદિવસીય કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા દેશ-વિદેશના આશરે ૨૫૦થી વધુ તજ્જ્ઞો તેમજ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હોળીના તહેવાર પહેલા મોંઘવારી ભથ્થું વધી શકે

# મોંઘવારી ભથ્થાને લઈને સરકાર કરી શકે છે મોટી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકાર ફેબ્રુઆરીના અંત સુધીમાં કેન્દ્રીય કર્મચારીઓને ભેટ આપી શકે છે. સરકાર મોંઘવારી ભથ્થા (DA)માં વધારાની જાહેરાત કરી શકે છે. રિપોર્ટ્સ મુજબ, આ વખતે સરકાર કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરી શકે છે. DAમાં આ વધારો ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી લાગુ માનવામાં આવશે. જોકે, જો આપણે પાછલા વર્ષોના રેકોર્ડ પર નજર કરીએ તો સરકારે જાન્યુઆરીથી DA વધારવાનો નિર્ણય ફેબ્રુઆરીના અંતમાં અને માર્ચની શરૂઆતમાં જ કર્યો છે. સરકાર હોળીના તહેવાર પહેલા મોંઘવારી ભથ્થું વધારી શકે છે. સરકાર વર્ષમાં બે વાર DAમાં વધારો કરે છે, ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈ.ગયા વર્ષે પણ DAમાં વધારો ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવ્યો હતો. પરંતુ તેને લાગુ ૧ જુલાઈથી માનવામાં આવ્યો હતો, એટલે કે તેની ગણતરી ૧ જુલાઈથી કરવામાં આવી હતી. સરકારે ઓક્ટોબરમાં DAમાં ૩ ટકાનો વધારો કર્યો હતો.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# વડનગરની મુલાકાત લેતા મુખ્ય સચિવશ્રી પંકજ જોષી





આજરોજ મહેસાણા જિલ્લાના વડનગરની મુખ્ય સચિવશ્રી પંકજ જોષીએ મુલાકાત લીધી હતી. મુખ્ય સચિવશ્રીએ વડનગર ખાતે આવેલ હાટકેશ્વર મંદિરે હાટકેશ્વર દાદાના દર્શન કરી પૂજા અર્ચના કરી હતી. ત્યારબાદ મુખ્ય સચિવશ્રીએ વડનગરમાં નિર્માણ પામેલ 'આર્કિયોલોજીકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ'ની મુલાકાત લીધી હતી.

આ મ્યુઝિયમ વડનગરની ૨૫૦૦ વર્ષથી વધુ જૂની સમૃદ્ધ સંસ્કૃતિ અને ઈતિહાસને પ્રદર્શિત કરે છે. અહીં ખોદકામ દરમિયાન મળેલા હજારો વર્ષ જૂના અવશેષો, કલાકૃતિઓ અને સાધનોને અત્યાધુનિક ટેક્નોલોજીની મદદથી પ્રદર્શિત કરવામાં આવ્યા છે. મ્યુઝિયમમાં ઓડિયો-વિઝ્યુઅલ પ્રદર્શનો અને વર્ચ્યુઅલ રિયાલિટી જેવી અદ્યતન તકનીકોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત આ મ્યુઝિયમમાં વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો અને ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરીઓ પણ બનાવવામાં આવી છે. જેની આજે મુખ્ય સચિવશ્રીએ મુલાકાત લીધી હતી.આ તકે પુરાતત્વ સંગ્રહાલયના નિયામકશ્રી પંકજ શર્માએ મ્યુઝિયમની વિશેષતાઓ અને તેમાં પ્રદર્શિત કરવામાં આવેલ વિવિધ કલાકૃતિઓ વિશે મુખ્ય સચિવશ્રીને વિસ્તૃત જાણકારી આપી હતી.

ત્યારબાદ મુખ્ય સચિવશ્રીએ પ્રેરણા સ્કૂલની મુલાકાત લીધી હતી. પ્રેરણા સ્કૂલમાં વિદ્યાર્થીઓને કરાવવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા કરાયેલ વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ વિશે મુખ્ય સચિવશ્રીએ વિસ્તૃત માહિતી મેળવી હતી.

આ ઉપરાંત મુખ્ય સચિવશ્રીએ કીર્તિ તોરણ, તાનારીરી ગાર્ડન અને સ્પોર્ટ્સ સંકુલની પણ મુલાકાત લીધી હતી.આ મુલાકાત દરમિયાન પ્રવાસન વિભાગના સચિવશ્રી રાજેન્દ્ર કુમાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રીમતી એસ. છાકછુઆક, જિલ્લા કલેકટરશ્રી એસ.કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન, નિવાસી અધિક કલેકટરશ્રી જે.કે. જેગોડા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.




RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004.
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# વિક્લી માર્કેટ રિપોર્ટ : સોનાના વાયદામાં રૂ.૨,૪૦૦ અને ચાંદીના વાયદામાં રૂ.૨,૧૪૨નો સાપ્તાહિક ધોરણે ઉછાળોઃ ક્રૂડ તેલમાં સેંકડા ઘટ્યા

## નેચરલ ગેસ, કોટન-ખાંડી વાયદામાં સુધારોઃ મેન્થા તેલ ઢીલુઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૫૦,૧૦૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૧,૧૨,૮૨૪ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૩૦ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૩૧ જાન્યુઆરી થી ૬ ફેબ્રુઆરી સુધીના સપ્તાહ દરમિયાન ૧,૧૯,૭૧,૮૭૭ સોદાઓમાં કુલ રૂ.૧૨,૬૨,૯૫૪.૮૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧,૫૦,૧૦૦.૮૯ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૧,૧૨,૮૨૪.૪૦ કરોડનો હતો. સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧૦,૪૭,૪૯૩ સોદાઓમાં રૂ.૧,૦૩,૬૬૯.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૮૨,૧૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૮૪,૮૯૪ અને નીચામાં રૂ.૮૧,૬૩૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૪૦૦ના ઉછાળા સાથે રૂ.૮૪,૪૪૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨,૦૩૨ ઊછળી રૂ.૬૭,૫૭૦ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૬૪ વધી રૂ.૮,૩૩૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨,૪૮૨ના ઉછાળા સાથે રૂ.૮૩,૮૫૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૯૩,૮૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૬,૪૮૫ અને નીચામાં રૂ.૯૧,૭૨૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨,૧૪૨ના ઉછાળા સાથે રૂ.૯૫,૫૮૮ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૬૮ ઊછળી રૂ.૯૫,૩૭૨ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨,૦૬૭ ઊછળી રૂ.૯૫,૩૬૨ બંધ થયો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮૯,૧૨૬ સોદાઓમાં રૂ.૧૧,૩૭૧.૪૫ કરોડના વેપાર થયા હતા. તાંબુ ફેબ્રુઆરી વાયદો રૂ.૮૩૧.૩૦ના ભાવે ખૂલી, રૂ.૨૨.૧૫ વધી રૂ.૮૫૪.૬૫ જ્યારે એલ્યુમિનિયમ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૩.૮૫ વધી રૂ.૨૫૫.૯૫ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧ વધી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૦ વધી રૂ.૨૬૯ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૭૫ વધી રૂ.૨૫૬ સીસુ-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ વધી રૂ.૧૮૧.૧૦ જસત-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૭૫ વધી રૂ.૨૬૯.૩૦ બંધ થયો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૮,૨૩,૫૪૮ સોદાઓમાં રૂ.૩૫,૦૪૯.૫૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૩૬૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૫૨૦ અને નીચામાં રૂ.૬,૧૭૬ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૦૯ ઘટી રૂ.૬,૨૧૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦૯ ઘટી રૂ.૬,૨૧૩ બંધ થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૬૯ના ભાવે ખૂલી, રૂ.૨૬.૭૦ વધી રૂ.૨૯૫.૮૦ અને નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો ૨૬.૮ વધી ૨૯૫.૯ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૦.૭૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૩,૭૬૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૩,૮૫૦ અને નીચામાં રૂ.૫૨,૮૪૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૯૦ના સુધારા સાથે રૂ.૫૩,૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૭૦ ઘટી રૂ.૯૧૫.૮૦ બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૭,૦૫૮.૩૦ કરોડનાં ૬૮,૫૦૯.૪૨૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૬,૬૧૦.૮૩ કરોડનાં ૪,૯૧૧.૨૯૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૦,૨૧૭.૨૧ કરોડનાં ૧,૬૧,૭૮,૦૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૨૪,૮૩૨.૩૧ કરોડનાં ૮૭,૬૦,૬૧,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૪૩૧.૬૭ કરોડનાં ૫૬,૫૦૦ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૯૭.૦૫ કરોડનાં ૨૨,૦૩૭ ટન, તાંબાના વાયદાઓમાં રૂ.૬,૨૫૭.૧૧ કરોડનાં ૭૪,૪૯૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩,૨૮૫.૬૨ કરોડનાં ૧,૨૩,૫૮૧ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩.૭૩ કરોડનાં ૨,૭૮૪ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૭.૦૬ કરોડનાં ૭૬.૬૮૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૨,૨૦૫.૧૩૩ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૨૧૮.૨૩૪ ટન, તાંબાના વાયદાઓમાં ૧૯,૩૭૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૬,૬૩૫ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૪,૬૧૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૧,૧૮૬ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૦૮૪,૦૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૨,૮૭,૪૪,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૨,૫૨૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૧૩૩.૯૨૦ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૯.૫૬ કરોડનાં ૨૯૬ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૧૭૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૯,૭૫૨ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૨૦,૩૫૦ અને નીચામાં ૧૯,૬૫૦ બોલાઈ, ૭૦૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૯૬ પોઈન્ટ વધી ૨૦,૧૬૪ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૧,૧૨,૮૨૪.૪૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૭,૩૯૪.૫૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૫,૬૨૯.૦૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૮,૧૯,૧૭૭.૭૨ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૯૭,૬૫૩.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં.

---

### રિદ્રોલમાં પ્રાથમિક આરોગ્યકેંદ્ર બનાવાશે

# માણસા તાલુકાના રીદ્રોલના રામજી મંદિરના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં શ્રી ઋષિકેશભાઈ પટેલ સહભાગી થયા




ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના રીદ્રોલ ગામના ૫૦ વર્ષ જૂના રામજી મંદિરના ત્રિ દિવસીય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં, આજે બીજા દિવસે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને માણસના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલે યજ્ઞ શાળાની મુલાકાત લઈ, ભગવાન રામ, લક્ષ્મણ, જાનકી અને હનુમાનજીની પૂજા- અર્ચના -દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

લગભગ છ કરોડના ખર્ચે આ મંદિરનું પુનઃ નિર્માણ કરી, પાયામાંથી નવું બનાવવામાં આવ્યું છે. આ નાગર શૈલીના નવનિર્મિત મંદિરની મુલાકાત લઈને, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે નાની દીકરીઓ પાસેથી મંદિરમાંના નિર્માણમાં, રામાયણના અગત્યનાં બનાવોનું વર્ણન- કોતરણી કરાઈ છે,તેની જાણકારી બાલિકાઓને પ્રોત્સાહિત કરી હતી અને તેમની સાથે આત્મીયતાથી સંવાદ કર્યો હતો.

આ રામજી મંદિરના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના સભામંડપમાં સંતો- મહંતો દ્વારા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈનું સ્મૃતિ ચિન્હ અર્પણ કરી અને શાલ ઓઢાડીને અભિવાદન કરાયું હતું.

આ પ્રસંગે શ્રી ઋષિકેશભાઈએ જણાવ્યું હતું કે રામનો જન્મ થયો હતો ત્યાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા કરી, અયોધ્યામાં રામલલ્લાને વિરાજમાન કરવામાં મહત્વનું આ કાર્ય સદીમાં થયું છે. આજે દિલમાં પડેલી આસ્થા અને ભક્તિને આકાર આપી, અયોધ્યા જેવી પ્રાણ પ્રતિષ્ઠા રીદ્રોલમાં થઈ રહી છે. રામાયણ જીવનની આચારસંહિતા શીખવે છે. મનુષ્યએ કેવી રીતે જીવવું તે રામ શીખવે છે. તેમણે ઘરનાં બાળકોને સંસ્કૃતિની સાથે, જ્ઞાન અને સંસ્કાર આપી, ભારતના આવતીકાલના નાગરિકો તૈયાર કરવાનું છે. આ પ્રસંગે તેમ રીદ્રોલમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવાની પણ જાહેરાત કરી હતી.

રીદ્રોલના રામજી મંદિરના પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં સંતો- મહંતો, યજમાનો, દેશ -વિદેશથી આવેલા મહેમાનો અને ગ્રામ્યજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

### આ વર્કશોપમાં આઉટસોર્સિંગ એજન્સીઓને શ્રમ કાયદાઓનું વિસ્તૃત અને સચોટ માર્ગદર્શન અપાયું

# રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં આઉટસોર્સિંગ દ્વારા શ્રમયોગીઓ પુરા પાડતી ૩૦૦ એજન્સીના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે વર્કશોપ યોજાયો

ડૉ..બાબાસાહેબ આંબેડકર ભવન, ગાંધીનગર ખાતે રાજ્ય સરકારના શ્રમ નિયામક શ્રી કે.ડી.લાખાણીના અધ્યક્ષ સ્થાને એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં સમગ્ર રાજયની આઉટસોર્સિંગ એજન્સીઓના પ્રતિનિધિશ્રીઓને શ્રમ કાયદાઓનું વિસ્તૃત અને સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાજયભરની લગભગ ૩૦૦ જેટલી એજન્સીઓની હાજરીમાં આયોજિત આ વોર્કશોપમાં શ્રમયોગીઓના હિતોના રક્ષણ અર્થે વિવિધ શ્રમકાયદાઓ જેવા કે લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮, કોન્ટ્રાક્ટ મજૂર અધિનિયમ-૧૯૭૦, સમાન વેતન અધિનિયમ-૧૯૭૬, બોનસ ચૂકવણી અધિનિયમ-૧૯૬૫ તથા ગ્રેજ્યુઈટી ચૂકવણી અધિનિયમ-૧૯૭૨ અંગેની સમજૂતી આપવામાં આવી હતી. હાલના સમયમાં સરકારી કચેરીઓમાં થ્રૂ પોર્ટલ મારફત વિવિધ ટેન્ડર પ્રક્રિયાઓ કરવામાં આવે છે, જે બાબતે જાણકારી તથા સેવા આપતી એજન્સીઓની જવાબદારીઓ વિશે માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે શ્રમ નિયામક શ્રી કે.ડી.લાખાણીએ વર્કશોપમાં હાજર એજન્સીઓના હોદ્દેદારોને સંબોધિત કરી માર્ગદર્શન પૂરું પાડયુ હતું. તેમણે એજન્સીઓને શ્રમ કાયદાઓ વિષયક મૂંઝવણો તથા વિવિધ પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરી તેનું સમાધાન સૂચવ્યું હતું. વધુમાં શ્રમ નિયામકશ્રીએ કાયદા તેમજ સરકારશ્રીની આ અંગેની સૂચનાઓના અર્થઘટનના લીધે શ્રમયોગીઓને કોઈપણ પ્રકારનો અન્યાય ન થાય તેમજ તેમને મળવાપાત્ર લાભો સમયસર મળી રહે અને કોઈપણ પ્રકારની ફરિયાદોને અવકાશ ન રહે તે માટે તમામ સંબંધિતોએ કાળજી લેવા સૂચના આપી હતી.

આ પ્રસંગે અધિક શ્રમ આયુક્ત ડો.વાય.એમ.શેખ, વિભાગીય નાયબ શ્રમ આયુક્તશ્રીઓ, મદદનીશ શ્રમ આયુક્તશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા આઉટસોર્સિંગ એજન્સીઓના પ્રતિનિધિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- જનક દેસાઈ

---

# દલીત સમાજ ઉપર કરેલા કેસો કયારે પાછા ખેંચશો? જીગ્નેશ મેવાણી



પ્રતિનિધિ

ગાંધીનગર તા.૮

ગુજરાત કોંગ્રેસ વકીંગ પ્રેસીડેન્ટ અને વિધાનસભા ના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી એ ટવીટ કરીને જણાવ્યું હતુ કે ગુજરાત ની ભાજપ સરકારે પાટીદાર આંદોલન ના સમયે થયેલા કેસ ને પાછા ખેંચવાનો નિર્ણય કર્યો છે એનું હું સ્વાગત કરૂ છું.

આ સાથે સરકાર ને પુછવા માંગુ છું કે ઉના આંદોલન દરમ્યાન દલીત સમાજ પર કરેલા કેસ કયારે પાછા ખેંચશો?બીજેપી નું ચરિત્ર સંવિધાન,આંબેડકર અને દલીત વિરોધી હોવાને કારણે દલીતો ઉપર કરેલા કેસ પાછા નથી ખેંચી શકતી.

---

### થરાદમાં સર્જાઈ હચમચાવી દેનારી ઘટના

# રેતી ભરેલું ડમ્પર પલટી જતા નાળામાં કામ કરતા ચાર શ્રમિકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)થરાદ

રાજ્યના બનાસકાંઠાના થરાદમાં નાળાની કામગીરી દરમિયાન અચાનક માટી ભરેલું ડમ્પર પલટી જતા ખાઈમાં પડ્યું હતું. આ દુર્ઘટનામાં માટી ભરેલું ડમ્પર પડતાં ચાર શ્રમિકો માટી નીચે દટાયા હતા. ઘટનામાં ૧ બાળક સહિત ૪ શ્રમિકોના મોત નીપજ્યા હતા. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. મળતી માહિતી મુજબ, બનાસકાંઠાના થરાદના ખેંગારપુરા નજીક નાળાની કામગીરી ચાલી રહી હતી. તેવામાં માટી ભરેલું ડમ્પર ખાઈમાં પડ્યું હતું. આ દરમિયાન કામ કરી રહેલા શ્રમિકો માટી નીચે દટાયા હતા. જો કે, ઘટનાને પગલે માટી નીચે દટાયેલા શ્રમિકોને બહાર કાઢવા માટે તાત્કાલિક જેસીબી મારફતે રેસ્ક્યુની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દુર્ઘટનામાં ૪ શ્રમિકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જેમાં ૩ મહિલા અને ૧ બાળક હોવાનું જાણવા મળ્યું છે.

સમગ્ર ઘટનાને પગલે પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે આવી પહોંચી હતી. આ પછી શ્રમિકોના મૃતદેહને થરાદ ખાતે હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા. દુર્ઘટનાને લઈને પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી.

---

# ધારાસભ્યશ્રી હાર્દિક પટેલના વરદ હસ્તે માંડલ અને દેત્રોજ તાલુકામાં ૧૨ ફેબ્રુઆરીના રોજ ૨.૭૫ કરોડના વિકાસ કામોનું ભૂમિ પૂજન થશે

વિરમગામ, માંડલ, દેત્રોજ અને નળકાંઠા મતવિસ્તારના લોકપ્રિય ધારાસભ્યશ્રી હાર્દિક પટેલના વરદ હસ્તે માંડલ અને દેત્રોજ તાલુકામાં ૧૨ ફેબ્રુઆરીના રોજ ૨.૭૫ કરોડના વિકાસ કામોનું ભૂમિ પૂજન કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે, ધારાસભ્યશ્રી હાર્દિક પટેલના વરદ હસ્તે ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સવારે ૯.૦૦ કલાકે દેત્રોજ તાલુકાના છનીયાર ખાતે પક્ષીઘરનું લોકાર્પણ કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૩.૦૦ કલાકે માંડલ તાલુકાના ઝાંઝરવા ખાતે ૪૫ લાખના પેટા આરોગ્ય કેન્દ્રનું ભૂમિ પૂજન થશે. આ ઉપરાંત દેત્રોજ તાલુકાના ઓઢવ ખાતે ૪૫ લાખના પેટા આરોગ્ય કેન્દ્રનું ભૂમિ પૂજન તેમજ રૂ. ૧.૪૦ કરોડના ઓઢવ એપ્રોચ રોડનું ભૂમિ પૂજન અને સુંવાળા ખાતે ૪૫ લાખના પેટા આરોગ્ય કેન્દ્રનું ભૂમિ પૂજન કરવામાં આવશે.

---

### સંબંધિત જિલ્લા આરોગ્ય ટીમો, આશા, આંગણવાડી વર્કર તેમજ શાળાના શિક્ષકોને આ રોગ વિષે જરૂરી તાલીમ આપી સુસજ્જ

# હાથીપગા રોગ'ના નિર્મૂલન માટે આગામી તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન 'સામૂહિક દવા વિતરણ કાર્યક્રમ'નો બીજો તબક્કો હાથ ધરાશે

### રાજ્યના ચાર તાલુકામાં અંદાજે ૫.૪૬ લાખથી વધુ નાગરિકોને સાવચેતીના પગલારૂપે રૂબરૂમાં દવા ગળાવવામાં આવશે

સ્વસ્થ નાગરિક- સ્વસ્થ દેશ'નું નિર્માણ કરે છે. જ્યારે, ગુજરાત ટી.બી., પોલીયો જેવા વિવિધ પ્રકારના ગંભીર રોગોને જડમૂળથી નાશ કરવા રાજ્ય સરકાર હરહંમેશ ખડેપગે રહે છે. તેવી જ રીતે, ફાઈલેરિયા એટલે કે, 'હાથીપગા રોગ'ને નાબૂદ કરવા આગામી તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન 'માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન' એટલે કે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો બીજો તબક્કો હાથ ધરવામાં આવશે. તે માટે રાજ્ય સરકાર દ્વારા તમામ આગોતરા આયોજન કરવામાં આવી રહ્યા છે. 'હાથીપગા રોગ મુક્ત ગુજરાત'નું નિર્માણ કરવા કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં કેન્દ્રના આ લક્ષ્યાંકને હાંસલ કરવા ગુજરાત અગ્રેસર રાજ્ય રહેશે.

આ અભિયાન ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં, નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડીયાપાડા તેમજ ડાંગ જિલ્લાના વઘઈ એમ ચાર તાલુકામાં યોજાશે.જેમાં અંદાજે ૫.૪૬ લાખથી વધુ નાગરકોને હાથીપગા રોગના કૃમિનો વ્યક્તિના શરીરમાંથી નાશ કરવા માટેની દવા (ડી.ઈ.સી. અને આલ્બેન્ડાઝોલ) આરોગ્ય કાર્યકર/ દવા વિતરક ધ્વારા રૂબરૂમાં ગળાવવામાં આવશે. આ અભિયાનમાં બાકી રહી ગયેલા નાગરિકોને આરોગ્ય કાર્યકર/ દવા વિતરક દ્વારા તા. ૧૩ અને ૧૪ ફેબ્રુઆરીના રોજ ફરીથી ઘરની રૂબરૂ મુલાકાત લઈ આ દવા ગળાવવામાં આવશે.

જ્યારે,બે વર્ષથી નાના બાળકો, સગર્ભા મહિલા, અતિશય બિમાર વ્યક્તિ અને પ્રસૂતિના એક અઠવાડિયા સુધીની ધાત્રી માતાઓને આ દવા ગળાવવામાં આવશે નહિ. આ અભિયાનને ઝડપી સાકાર કરવા સંબંધિત જિલ્લાની આરોગ્ય ટીમો, આશા, આંગણવાડી વર્કર તેમજ શાળાના શિક્ષકોને જરૂરી તાલીમ આપી સુસજ્જ કરવામાં આવ્યા છે.

આ અભિયાન અંતર્ગત તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ નક્કી કરેલા તાલુકા વિસ્તારની તમામ ૭૭૬ આંગણવાડી, ૭૪૮ શાળાઓ અને ૧૩ જેટલી કોલેજોમાં આરોગ્ય કાર્યકરોની ૬૧૦ ટીમો દ્વારા બાળકોને દવા રૂબરૂમાં ગળાવવામાં આવશે. સાથે જ, જાહેર સ્થળો પર ૫૬ જેટલા બુથ ગોઠવીને પણ રૂબરૂમાં દવા ગળાવવામાં આવશે. આ અભિયાન દરમિયાન અને પછી ત્રણ મેડીકલ કોલેજના પી.એસ.એમ. ડિપાર્ટમેન્ટ દ્વારા વ્યક્તિગત મુલ્યાંકન હાથ ધરવામાં આવશે.

શું છે હાથીપગાનો રોગ

હાથીપગો (ફાઈલેરીયા)એ લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ કૃમિથી થતો રોગ છે. જે સામાન્ય રીતે ગંદા પાણીમાં થતા માદા ક્યુલેક્સ ચેપી મચ્છરો દ્વારા ફેલાય છે. આ રોગમાં ચેપ લાગ્યાના શરૂઆતમાં કોઈ લક્ષણો દેખાતા નથી, પરંતુ ૬થી ૮ વર્ષ બાદ આ રોગના લક્ષણો જેમ કે, લસિકા ગ્રંથીઓ/ લસિકા વાહિનીઓ ફૂલી જવાથી હાથ-પગમાં સોજો આવવો, અથવા પુરૂષોમાં હાઈડ્રોસીલ (વધરાવળ) જોવા મળે છે.

આ રોગના જીવાણુઓ રાત્રીના સમયે જ લોહીમાં પરિભ્રમણ કરતાં હોવાથી આરોગ્યતંત્ર દ્વારા રાત્રે ૮થી ૧૨ના સમયગાળામાં જ લોહીના નમૂના લેવામાં આવે છે. લોહીના પરીક્ષણમાં જો કોઈ વ્યક્તિમાં આ રોગના જીવાણુઓ દેખાય તો તાત્કાલિક સારવાર આપીને ચેપ ફેલાતો અટકાવી શકાય છે.

હાથીપગા રોગના લક્ષણો

હાથીપગાને આપણે "લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ" નામે પણ ઓળખીએ છીએ. હાથીપગો એ શરીરમાં રહેલી લસિકાગ્રંથિઓમાં ફાઈલેરિયાસિસના કૃમિનો ચેપ લાગવાને કારણે થાય છે. હાથીપગો થાય એટલે પગમાં સોજો આવવો અને સમયાંતરે તાવ આવે, શરીરમાં દુખાવો થાવ, ઠંડી લાગે, ધ્રુજારી આવે, શરીર પર ખંજવાળ આવે છે.

---


## પશ્ચિમ રેલ્વે

### વિવિધ કાર્ય

મુખ્ય વર્કશોપ મેનેજર EMU વર્કશોપ, મહાલક્ષ્મી, મુંબઈ-400013 ઇ-ટેન્ડર નોટિસ નં.: EL90/MX/2024-25/16 તારીખ: 03.02.2025 કામનું નામ: સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને રેકસનું કમિશનિંગ આમંત્રિત કરે છે. BT, Medha, Siemens, AC BHEL અને MEMU રેકસમાં ઇલેક્ટ્રોન્યુમેટિક બ્રેક ઓપરેશન્સનું ફીટીંગ અને પરીક્ષણ. આશરે કામની કિંમત: ₹ 3,18,82,154.74/- જમા કરાવવાની રકમ : ₹ 3,09,400/- ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : તા.26.02.2025 (ઇલેક્ટ્રોનિકલી) ના રોજ 12.00 કલાક સુધી ટેન્ડર સબમિશન. વેબસાઇટની વિગતોઃ ટેન્ડરની વિગતો જોઇ શકાય છે અને ઓફર્સ વેબસાઇટ https://www.ireps.gov.in પર સબમિટ કરી શકાય છે.

1045

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



## પશ્ચિમ રેલ્વે

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ - મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, વેસ્ટર્ન રેલ્વે ડિવિઝનલ રેલ્વે મેનેજર, કમર્શિયલ ડિપાર્ટમેન્ટ, NFR વિભાગ, મુંબઈ સેન્ટ્રલ - 400 008.

કાર્ય - મુંબઈ વિભાગમાં વિવિધ NFR માધ્યમો દ્વારા જાહેરાતનું પ્રદર્શન.

| હરાજી કેટલોગ નં. | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVTM24-31 | 21-02-25, 14:00:00 |

| ક્રમ નં | લોટ નં. | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-ઓક્શનની બંધ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | MSS-BCT-VAPI-PrKiosk 51-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પ્રમોશનલ કિઓસ્ક) | 3 વર્ષના સમયગાળા માટે વાપી સ્ટેશન પર પ્રમોશનલ કિઓસ્ક/પ્રોડક્ટ ડિસ્પ્લે દ્વારા વાણિજ્યિક જાહેરાતના કરાર માટે ઈ-ઓક્શન. | 1096 | 21-02-25, 14:30:00 |
| 2 | MSS-BCT-BL- PrKiosk-49-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પ્રમોશનલ કિઓસ્ક) | વલસાડ (BL) સ્ટેશન પર 3 વર્ષના સમયગાળા માટે પ્રમોશનલ કિઓસ્ક/પ્રોડક્ટ ડિસ્પ્લે દ્વારા વાણિજ્યિક જાહેરાતના કરાર માટે ઈ-ઓક્શન. | 1096 | 21-02-25, 14:40:00 |
| 3 | MSS-BCT-DDR- BCA-52-25-1 (જાહેરાત સાથે વિવિધ- સ્થિર-સર્વિસ-બેટરી ઓપરેટેડ ગાડીઓ) | ઓપરેટરો સાથે 3 (ત્રણ) બેટરી સંચાલિત ગાડીઓ (બીઓસી) ના સપ્લાય, સંચાલન અને જાળવણીના કામ માટે ઈ-ઓક્શન અને દાદર (ડીડીઆર) સ્ટેશન પર બીઓસી પર જાહેરાત પ્રદર્શિત કરવાની પરવાનગી. | 1826 | 21-02-25, 14:50:00 |
| 4 | MSS-BCT-NSP- MedStn-46-24-1 (સ્ટેશન પર વિવિધ- સ્થિર-સેવાઓ- તબીબી સુવિધાઓ) | નાલાસોપારા રેલ્વે સ્ટેશન પર ઇમરજન્સી મેડિકલ રૂમ દ્વારા 5 વર્ષના સમયગાળા માટે ચોવીસ કલાક તબીબી સુવિધાઓ પૂરી પાડવી. | 1826 | 21-02-25, 15:00:00 |

| હરાજી કેટલોગ નં. | હરાજી શરૂ (બધા લોટ) |
|---|---|
| MMCT-ADVT-24-74 | 21-02-25, 15:00:00 |

| ક્રમ નં | લોટ નં. | સ્થાન / વિસ્તાર | દિવસો | ઈ-ઓક્શનની બંધ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 1 | ADVT-BCT-CCG- OH-394-25-1 (ઘરની બહાર જાહેરાત) | ચર્ચગેટ સ્ટેશન પર વોલ પેઈન્ટીંગ દ્વારા જાહેરાત પ્રદર્શિત કરવા માટે જથ્થાબંધ જાહેરાત અધિકારો, પ્લેટફોર્મ નં. 1 થાંભલાની દિવાલો, રસ્તાની બાજુ તરફ સામનો કરવો. | 730 | 21-02-25, 15:30:00 |
| 2 | ADVT-BCT-MEL- OSD-355-24-1 (એડવર્ટાઇઝિંગ-ઓન સ્ટેશન પ્રિમાઇસ (ડિજિટલ)) | 5 વર્ષના સમયગાળા માટે સ્ટેશન બિલ્ડિંગ પર મરીન લાઇન્સ (MEL) પર LED સ્ક્રીન માટે બલ્ક જાહેરાત અધિકારો. | 1826 | 21-02-25, 15:40:00 |
| 3 | ADVT-BCT-MMCT- OSD-395-25-1 (એડવર્ટાઇઝિંગ-ઓન સ્ટેશન પ્રિમાઇસ (ડિજિટલ)) | 5 વર્ષના સમયગાળા માટે મુંબઈ સેન્ટ્રલ (મુખ્ય) સ્ટેશન ફરતા વિસ્તાર પર બલ્ક જાહેરાત અધિકારો. | 1826 | 21-02-25, 15:50:00 |
| 4 | ADVT-BCT-ADH- OSN-392-24-1 (સ્ટેશન પ્રિમાઈસ પર જાહેરાત (નોન-ડિજિટલ)) | 3 વર્ષના સમયગાળા માટે પ્લેટફોર્મ પર અંધેરી (ADH) સ્ટેશન પર બલ્ક જાહેરાત અધિકારો. | 1096 | 21-02-25, 16:00:00 |
| 5 | ADVT-BCT-ADH- OSN-393-24-1 (સ્ટેશન પ્રિમાઈસ પર જાહેરાત (નોન-ડિજિટલ)) | અંધેરી (ADH) સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ અને સીડી પર 3 વર્ષના સમયગાળા માટે બલ્ક જાહેરાત અધિકારો. | 1096 | 21-02-25, 16:10:00 |

નોંધ: સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. ઉલ્લેખિત સૂચિ હેઠળ લોટ મુજબની વિગતો ત્યાં ઉપલબ્ધ છે.

1054

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# ગાંધીનગર જીલ્લા ચુંટણી અધિકારી/કલેકટર મેહુલ દવે ધ્વારા આગામી સમયમાં યોજનારી માણસા નગરપાલિકા અને આમજા તાલુકા પંચાયત ની પેટાચુંટણી ની સમીક્ષા કરી

પ્રતિનિધિ
ગાંધીનગર તા.૮
તસ્વીર:યુનુસ મેમણ

ગુજરાત માં સ્થાનિક સ્વરાજય ની ચુંટણીઓની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

ગાંધીનગર જીલ્લા ની માણસા નગરપાલિકા ની ચુંટણી ૨૦૨૫ તેમજ આમજા તાલુકા પંચાયત ની પેટાચુંટણી ની જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર મેહુલ દવે ધ્વારા મતદાન સ્થળ ની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.

ગાંધીનગર જીલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર મેહુલ દવે ધ્વારા માણસા નગરપાલિકા ની સામાન્ય ચુંટણી તેમજ આમજા તાલુકા પંચાયત સીટ ની પેટાચુંટણી સંદર્ભે માણસા કોલેજ ખાતે સ્ટ્રોંગરૂમ,રીસીવીંગ,ડીસ્પેચીંગ સેન્ટર અને કાઉન્ટીંગ હોલ ની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી.આ મુલાકાત અંતગર્ત ચુંટણી અધિકારી અને પ્રાંત અધિકારી કલોલ તેમજ મદદનીશ ચુંટણી અધિકારી અને માણસા મામલતદાર પણ સાથે રહી મતદાન મથક ની મુલાકાત લીધી હતી.ઉપરાંત ગાંધીનગર કલેકટર/જીલ્લા ચુંટણી અધિકારી મેહુલ દવે ધ્વારા ચુંટણી સંદર્ભે જોડાયેલ અન્ય વ્યવસ્થાઓ જેવી કે મતદાન મથકે આપવાની થતી સામગ્રી માટેની પૂર્વે તૈયારીઓ નું નિરિક્ષણ તેમજ માણસા નગરપાલિકા માં ચુંટણી સંદર્ભે જોડાયેલ સ્ટાફ ને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયુ હતું.



# ગુજરાત ની ૭૧ હોસ્પિટલો અને ૯ જેટલા ડોકટરોને પી.એમ.જે.એ.વાય યોજના માંથી સસ્પેન્ડ કરાયા

## હોસ્પિટલો પાસેથી કુલ ૧૫.૦૮ કરોડ રૂપિયાની વસુલાત કરાઈ અને રૂ.૧૯.૯૦ કરોડ રૂપિયાની રકમનો દંડ કરાયો

પ્રતિનિધિ
ગાંધીનગર તા.૮

સરકારે દર્દીઓને સહાય કરવા ઉદારભાવે બનાવેલી આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના નો લેભાગુ ડોકટરો,એજન્ટો અને હોસ્પિટલો એ મોટાપાયે ગેરલાભ ઉઠાવ્યા નો ઘટસ્ફોટ થવા પામ્યો છે.ફેબ્રુઆરી ૨૦૨૫ ની સ્થિતિ એ ગુજરાત માં પી.એમ.જે.એ.વાય માં ગેરરીતી કરવા સાથે સંકળાયેલા હોય તેવા કુલ ૯ ડોકટરો અને ૭૧ હોસ્પિટલો ને સસ્પેન્ડ કરવામાં આવી છે. આવી હોસ્પિટલો પાસેથી કુલ ૧૫.૦૮ કરોડ રૂપિયા ની વસુલાત કરાઈ છે.અને ૧૯.૯૦ કરોડ રૂપિયા ની રકમ નો દંડ કરાયો છે.તે સાથે પી.એમ.જે.એ.વાય કાર્ડ કાઢી આપવામાં ૨૦૧૮ થી ૨૦૨૧ ના કેગ ના રીપોર્ટ માં એક જ મોબાઈલ નંબર ઉપર થી કાર્ડ નું રજીસ્ટ્રેશન થયુ હોય તેવા ગુજરાત ના કુલ ૫૮૦૬૦ કિસ્સા તંત્ર ના ધ્યાન ઉપર આવ્યા છે. પી.એમ.જે.એ.વાય કાર્ડ ના દુરપયોગ થકી ખ્યાતી હોસ્પિટલ નું કૌભાંડ બહાર આવ્યા બાદ તંત્ર જાગ્યુ છે. પરંતુ તે સિવાય પણ અનેક હોસ્પિટલો અને ડોકટરો એ તેનો દુરપયોગ કર્યો છે.લોકસભા માં કોંગ્રેસ ના સાંસદ ગેનીબેન ઠાકોર એ પુછેલા પ્રશ્ન ના જવાબ માં સ્વાસ્થ્ય અને પરીવાર કલ્યાણ મંત્રાલય એ ૭ ફેબ્રુઆરી એ આપેલા જવાબ માં જણાવ્યું હતું કે દેશભર માં કુલ ૧૧૧૪ હોસ્પિટલો ને પી.એમ.જે.એ.વાય ની પેનલ માંથી હટાવી દેવામાં આવી છે.અને ૧૫૦૪ હોસ્પિટલો ઉપર ૧૨૨ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.તેમજ ૫૪૯ હોસ્પિટલો ને સસ્પેન્ડ કરવામાં આવી છે. તેમાંથી ગુજરાત માં ૯ ડોકટરો અને ૭૧ હોસ્પિટલો ને પી.એમ.જે.એ.વાય યોજના માં વિવિધ પ્રકાર ની ગેરરીતી સબબ સસ્પેન્ડ કરવામાં આવી છે.૨ હોસ્પિટલો ને પેનલ માંથી હટાવી દેવામાં આવી છે.જયારે ૧ હોસ્પિટલ ને બ્લેકલીસ્ટેડ કરાઈ છે.દરમ્યાન કેગ ના ૨૦૧૮ થી ૨૦૨૧ ના વરસ દરમ્યાન પી.એમ.જે.એ.વાય યોજના ના ઓડીટ રીપોર્ટ માં દેશભર માં એક જ નંબર થી કાર્ડ નું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હોવાની વિગતો બહાર આવી હતી.તેમાં અનેક લાભાર્થી ને ખોટી રીતે પણ જોડવામાં આવ્યા હતા.જો કે મંત્રાલય ધ્વારા તેમાં એવી સ્પષ્ટતા કરાઈ હતી કે કેટલાક મામલા માં એવા વ્યકિતઓ છે જેમની પાસે મોબાઈલ નંબર ન હોય અને તેમના કાર્ડ બનાવવા અધિકૃત ઓપરેટરો એ પોતાનો મોબાઈલ નંબર કે ૧૦ આંકડા ના નંબર નો ઉપયોગ કર્યો હતો.ગુજરાત માં આવા ૫૮૦૬૦ કિસ્સા માં એક જ નંબર પરથી લાભાર્થી નું રજીસ્ટ્રેશન કરાયુ હોવાનું બહાર આવ્યું છે.

# હવે પ્રાંત અધિકારી અને મામલતદાર કક્ષાના અધિકારીને મુસાફરી ભથ્થુ મળશે નહિ: આ અધિકારીઓને હવે લોગબુકનો ઉપયોગ કરવો પડશે

પ્રતિનિધિ
ગાંધીનગર તા.૮

ગુજરાત સરકારે સરકારી અધિકારીઓ ને મુસાફરી ભથ્થુ નહિ મળે તેવો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.કલેકટર કચેરી માં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદાર નું કાયમી મુસાફરી ભથ્થુ રદ કરવામાં આવ્યું છે. હવે પ્રાંત અધિકારી અને મામલતદાર ને પણ લોગબુક નો જ ઉપયોગ કરવો પડશે. ગુજરાત સરકાર હવે સરકારી કર્મચારી ઓ માટે નવા નિર્ણયો લેવા જઈ રહી છે.સામાન્ય રીતે પ્રાંત અધિકારી અને મામલતદાર ને સરકારી કામકાજે અર્થે ફાળવેલ સરકારી પેટ્રોલ અને ડીઝલ ના વાહનો માટે કાયમી ભથ્થુ ચુકવાતુ હતું.જો કે આ કાયમી ભથ્થુ ચુકવવાનો ૨૦૨૨ નો પરિપત્ર મહેસુલ વિભાગ એ રદ કર્યો છે. હવે આ અધિકારીઓ એ પણ લોગબુક અને તે માટે ના નિયમો નું ચુસ્તપણે પાલન કરવું પડશે. કલેકટર કચેરી માં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદાર ને કાયમી મુસાફરી ભથ્થુ રદ કરાયું છે. આ વાહનો માં વપરાતા પેટ્રોલ ડીઝલ ની એકચ્યુઅલ કિંમત તેમજ દૈનિક ભથ્થુ આપવામાં આવશે. તો બીજી તરફ આ અંગે સરકારે જાહેર કરેલા પરીપત્ર માં જણાવ્યું હતું કે મહેસુલ વિભાગ હેઠળ ની જીલ્લા કલેકટર કચેરી ખાતે ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારો સરકારી કામકાજ અર્થે ફાળવવામાં આવેલ પેટ્રોલ/ડીઝલ સંચાલિત વાહનો માટે કાયમી મુસાફરી ભથ્થુ ચુકવવામાં આવે છે.પેટ્રોલ ડીઝલ ના ભાવો માં થયેલ વધારા તેમજ દૈનિક ભથ્થા ના દરો માં થયેલો વધારો લક્ષ માં લઈ સરકાર પ્રાંત અધિકારી અને મામલતદારો ને ચુકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થા ના દર માં વંચાણે લીધેલ ક્રમ (૧) માં દશાવેલ મહેસુલ વિભાગ ના તા.૧/૧/૨૦૨૨ ના ઠરાવ થી સુધારો કરવામાં આવ્યો છે. રાજય સરકાર ની પ્રજાલક્ષી સતત ચાલતી પ્રવૃત્તિઓ, યોજનાઓ, કાર્યક્રમો ને અસરકારક બનાવવા માટે ક્ષેત્રીય કામગીરી કરતા અધિકારીઓ ને અવારનવાર સરકારી વાહન નો ઉપયોગ કરવાનો થતો હોય વંચાણે લીધા ક્રમ (૧) માં દર્શાવેલ મહેસુલ વિભાગ ના તા.૧/૧/૨૦૨૨ ના ઠરાવ થી મહેસુલ વિભાગ હસ્તક ના પ્રાંત અધિકારી અને મામલતદારો ને ચુકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થા ની જગ્યા એ રાજય સરકાર ના અન્ય અધિકારીઓ ની જેમ લોગબુક ઉપર લાવવાની બાબત સરકાર ની સક્રિય વિચારણા હેઠળ હતી.



કાળજીપૂર્વક ની પુખ્ત વિચારણા ના અંતે સરકાર ધ્વારા વંચાણે લીધા ક્રમ (૧) માં દર્શાવેલ મહેસુલ વિભાગ નો તા.૧/૧/૨૦૨૨ નો ઠરાવ આથી રદ કરી તેની જગ્યાએ પ્રાંત અધિકારી અને મામલતદારો કે જેઓને સરકારી કામકાજે અર્થે પેટ્રોલ/ડીઝલ સંચાલિત સરકારી વાહન નો ઉપયોગ કરવાનો થતો હોય તેઓને ચુકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થા ની જગ્યાએ લોગબુક આધારિત વાહન નો ઉપયોગ કરવા આથી ઠરાવવામાં આવે છે. વધુમાં આ અધિકારી ઓ ધ્વારા જે મુસાફરી કરવામાં આવે તે માટે પેટ્રોલ કે ડીઝલ નો ખરેખર ખર્ચ ઉપરાંત લાગુ પડતા દરે દૈનીક ભથ્થા નો ખર્ચ ચુકવવાનો રહેશે.

### અમદાવાદમાં રાજ્યકક્ષાના ’મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ’નો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી

# શ્રીઅન્ન અને પ્રાકૃતિક ખેતીના વ્યાપથી ’બેક ટુ બેઝિક’ના મંત્ર દ્વારા વડાપ્રધાનશ્રીએ સ્વસ્થ જીવનનો રાહ બતાવ્યો છે :- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, શ્રીઅન્ન અને પ્રાકૃતિક ખેતીના વ્યાપથી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ’બેક ટુ બેઝિક’ના મંત્ર દ્વારા સ્વસ્થ જીવનનો રાહ દેશ અને દુનિયાને બતાવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોએ મિલેટ વેચાણ કમ પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના અમદાવાદ જિલ્લાના ૩ અને જામનગર જિલ્લાના ૧ ગોડાઉન કોમ્પલેક્ષનું ઈ - લોકાર્પણ પણ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી લોકોને હંમેશા સ્વાસ્થ્ય માટે જાગૃત થવા પ્રેરણા આપે છે. તેમના વિઝનરી નેતૃત્વમાં જનતાની સુખાકારીને હંમેશા પ્રાધાન્ય અપાયું છે અને તેમના જનકલ્યાણલક્ષી અભિગમને સાર્થક કરતો આ કાર્યક્રમ છે. રાજ્યની સાત મહાનગરપાલિકાઓમાં દ્વિ દિવસીય ‘મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫’ કાર્યક્રમના સમયસર અને સુચારું આયોજન બદલ રાજ્યના કૃષિ વિભાગને અભિનંદન પાઠવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ’વિરાસત ભી, વિકાસ ભી’ના મંત્ર સાથે દેશના સમૃદ્ધ વારસાનું ગૌરવ કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આદિકાળથી આપણી ખાનપાન શૈલીનો હિસ્સો રહેલા બરછટ ધાન્યો આપણો વારસો છે.

વડાપ્રધાનશ્રીએ ’ઈન્ટરનેશનલ ઈયર ઑફ મિલેટ’ દ્વારા આ સ્વાસ્થ્યપ્રદ ધાન્યના ફાયદાઓ સમગ્ર દૂનિયા સમક્ષ સફળતાપૂર્વક ઉજાગર કર્યા છે તેનું તેમણે ગૌરવ કર્યું હતું.

શ્રી અન્નની લોકપ્રિયતા વિશે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, થોડા દાયકા પહેલાં ભારતમાં ઓછી આવક ધરાવતા અને ગરીબ પરિવારોના ખોરાકમાં વપરાતું બરછટ અનાજ હવે અમીર લોકોની થાળીની શાન બન્યું છે અને હવે તો લગ્નપ્રસંગોએ પણ ખાસ મિલેટ કાઉન્ટર જોવા મળે છે.

આજે મિલેટ આધારિત પ્રોસેસ્ડ અને પેકેજ્ડ ફૂડ આઈટમ્સ સ્ટોર્સ અને માર્કેટ સુધી પહોંચી છે તથા મિલેટ્સની સંપૂર્ણ સપ્લાય ચેઈન વિકસી છે. દેશમાં આ ક્ષેત્રે ૫૦૦થી વધુ સ્ટાર્ટઅપ્સ પણ કાર્યરત થયા છે તેની વિસ્તૃત વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

એટલું જ નહિ મોટી સંખ્યામાં એફ.પી.ઓ. પણ આ ક્ષેત્રે આગળ આવ્યા છે તથા સ્વ-સહાય જૂથની મહિલાઓ પણ હવે મિલટ્સના ઉત્પાદનો બનાવીને આત્મનિર્ભર બની છે તેમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ તથા મહત્વ સમજાવીને ઉપસ્થિત સૌને રાસાયણિક ખેતી છોડીને ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા પણ અનુરોધ કર્યો હતો.

કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, મિલેટ્સની ખેતી ખેડૂત, જમીન અને ખોરાક લેનાર વ્યક્તિ એમ તમામ માટે ફાયદાકારક છે. બાળકથી લઈને વૃદ્ધ, દરેક વયની વ્યક્તિ માટે મિલેટ અતિ આરોગ્યપ્રદ છે. તેમણે કહ્યું કે, ૨૦૨૩ના વર્ષને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવવાના વડાપ્રધાનશ્રીના પ્રસ્તાવનું સમર્થન વિશ્વના ૭૨ દેશોએ કર્યું હતું. તેમની દીર્ઘદ્રષ્ટિને પરિણામે સુપરફૂડ મિલેટના ફાયદા વિશ્વના અનેક દેશો સુધી પહોંચ્યા છે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર મિલેટની ખેતીને પ્રોત્સાહન આપી રહી છે. પર્યાવરણ સુધરે તેમજ ખેડૂતને પણ આર્થિક ફાયદો થાય તે માટે પ્રાકૃતિક ખેતી અને મિલેટ પાકોની ખેતી જરૂરી છે, એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યની ૭ મહાનગરપાલિકાઓમાં ૮મી અને ૯મી ફેબ્રુઆરીના રોજ બે દિવસીય ’મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫’ યોજાશે. રાજ્યભરના મિલેટ ઉત્પાદકો, પ્રાકૃતિક કૃષિ ઉત્પાદકો, ઓર્ગેનિક ખાદ્ય ઉત્પાદકો સહિત ખેડૂતો, સંસ્થાઓ અને વેપારીઓ એક મંચ પર આવશે.

વિવિધ પ્રકારના પરિસંવાદો, તાલીમ, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત મિલેટ વેચાણ કમ પ્રદર્શન સ્ટોલ્સ અને મિલેટ લાઈવ ફૂડ સ્ટોલ્સ મુલાકાતીઓમાં અનેરૂ આકર્ષણ જગાવશે. રાજ્યકક્ષાના મિલેટ મહોત્સવના પ્રારંભ પ્રસંગે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભા જૈન, અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી કંચનબા વાઘેલા, રાજયસભા સાંસદશ્રી નરહરિ અમીન, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, અમદાવાદના ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, અ.મ્યુ.કો.ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. અંજુ શર્મા, અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમાર, અમદાવાદના જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, કૃષિ, આત્મા અને બાગાયત વિભાગના પદાધિકારીઓ, અધિકારીઓ, કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાં તબીબની બેદરકારીથી ૩૦ વર્ષીય મહિલાનું મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં તબીબની બેદરકારીથી ૩૦ વર્ષીય મહિલાનું મોત થયાના આક્ષેપ કરવામાં આવ્યા છે. ગર્ભાશયની સારવાર માટે મહિલાને નવી સિવિલ ખસેડાઇ હતી. સારવાર બાદ મહિલાને સિવિલમાંથી રજા આપવામાં આવી હતી. જોકે, અચાનક ફરીથી તબિયત લથડતા મહિલાને અન્ય હોસ્પિટલ લઈ જતા સમગ્ર મામલો સામે આવ્યો છે.

સુરત શહેરમાં સિવિલ હોસ્પિટલમાં તબીબની બેદરકારીથી ૩૦ વર્ષની પરવીન મિર્ઝા નામની મહિલાનું મોત નિપજ્યું છે. મળતા અહેવાલો મુજબ પરવીન મિર્ઝા ગર્ભાશયની સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ થઈ હતી. જોકે, બાદમાં તેને રજા પણ આપી દેવાઈ હતી. પછીથી ફરીથી તબિયત બગડી હતી તો તેને બીજી હોસ્પિટલમાં લઈ જતા સમગ્ર મામલો સામે આવ્યો છે. સિવિલમાં ઓપરેશન દરમિયાન આંતરડાના ભાગે કટ વાગ્યાનો પરિવારે આક્ષેપ કર્યો છે.

પરિવારની જાણ બહાર મહિલાને ઘણા સમયથી ICUમાં રખાઈ હતી તેમ પણ પરિવારે જણાવ્યું છે.વધુમાં મોત થયા બાદ પણ પરિવારને જાણ ન કરાઈ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ મામલો ઉગ્ર બનતા અંતે નવી સિવિલના તબીબોએ મહિલાનું મોત થયાનું કબૂલ્યું છે. મૃતક મહિલા પરવીન મિર્ઝાને પરિવારમાં ત્રણ નાના બાળકો હતા. પોલીસ ફરિયાદ વગર મૃતદેહ નહીં સ્વીકારવાની પરિવારે ચીમકી ઉચ્ચારી છે. મોટી સંખ્યામાં પરિવારજનો નવી સિવિલ હોસ્પિટલ ખાતે ભેગા થયા હતા.

# તાપી જીલ્લામાં પોતાની સહી કરવા માટે ટી.ડી.ઓ.રૂપિયા લેતા એ.સી.બી.ત્રાટકી

પ્રતિનિધિ
ગાંધીનગર તા.૮



તાપી જીલ્લા માં રાજકીય આગેવાનો નો દબદબો છતાં ભ્રષ્ટાચારી ઓ બેફામ હોવાનો ઘટસ્ફોટ થયો છે. ટી.ડી.ઓ.એટલે કલાસ-ટુ કહેવાય તેમ છતાં લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા છે.વિકાસ ના કામ સામે બિલ પાસ કરવા સહી કરવા ટી.ડી.ઓ.એ રૂપિયા ની માંગણી કરી હતી. ખબર પણ નહિ હોય અને પોતાની જ ચેમ્બર માં લાંચ લેતા ટી.ડી.ઓ.ડોડીયા રંગે હાથ ઝડપાઈ જતા જીલ્લા ના પંચાયત વિભાગ માં ખળભળાટ મચી જવા પામ્યો છે.

માત્ર રૂપીયા ૧૨ હજાર ની લાંચ લેતા ખુદ ટી.ડી.ઓ. ઝડપાઈ ગયા હોવાની વાત વાયુવેગે પ્રસરી જતા કલાસ-ટુ સહિત કલાસ-વન કક્ષા ના અધિકારીઓ પણ ચોંકી ઉઠયા છે.કારણ કે લાંચ ની ઘટના ને પગલે જીલ્લા પંચાયત ના અધિકારીઓ થી લઈ તાપી વહીવટી તંત્ર માં પણ ભ્રષ્ટાચાર ની ચકચાર મચી છે. સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ તાપી જીલ્લા ની ડોલવણ તાલુકા પંચાયત કચેરી માં અચાનક એ.સી.બી.ની ટીમ ત્રાટકી હતી. સરકાર ની કચેરી માં ખુદ સરકાર ના પોલીસ અધિકારીઓ ભ્રષ્ટાચાર નો ભાંડો ફોળવા આવ્યા અને સફળ પણ થઈ ગયા. સુત્રો ના કહેવા પ્રમાણે ડોલવણ તાલુકા પંચાયત ના તાલુકા વિકાસ અધિકારી વિરેન્દ્રસિંહ નટવરસિંહ ડોડીયા ફરજ બજાવી રહયા છે. આ ટી.ડી.ઓ.ડોડીયા સમક્ષ અનેક ફાઈલો સહી માટે આવતી હોય છે.ત્યારે પ્રધાનમંત્રી આદી આદર્શ યોજના ૨૦૨૧-૨૨ અંતગર્ત જાહેર શૌચાલય તેમજ આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો ૨૦૨૩-૨૪ યોજના હેઠળ પાણી ના કામો માટે ની ફાઈલો આવી હતી.

આ કામો ના નાણાં રૂ.૬ લાખ નું બિલ પસાર થયેલ પરંતુ આ બિલ માં સહી કરવાના અવેજ પેટે ડોલવણ ટી.ડી.ઓ.ડોડીયા એ રૂપીયા ૧૨ હજાર ની લાંચ માંગી હતી.જો કે આ લાંચ ની રકમ ઠેકેદાર/જાગૃત નાગરિક આપવા માંગતા ન હોવાથી તાપી એ.સી.બી.નો સંપર્ક કરી ફરીયાદ કરી હતી.સુત્રો એ જણાવ્યું હતું કે આવેલ ફરીયાદ આધારે તાપી એ.સી.બી.ની ટીમ એ સુરત મદદનીશ નિયામક ના માર્ગદર્શન હેઠળ લાંચ ના છટકા નું આયોજન કર્યુ હતું.આ દરમ્યાન ઠેકેદાર એ ડોલવણ ટી.ડી.ઓ. ને મળતા લાંચ બાબત ની હેતુલક્ષી વાતચિત કરતા અચાનક તાપી એ.સી.બી.ની ટીમ ત્રાટકી હતી.બરોબર આ સમયે ડોલવણ ટી.ડી.ઓ.ડોડીયા લાંચ ની રકમ સ્વીકારતા પોતાની ચેમ્બર માં જ પકડાઈ જતા પગતળે થી જમીન સરકી જાય તેવી સ્થિતિ બની હતી.એ.સી.બી.એ ડોલવણ ટી.ડી.ઓ.ને કચેરી માંથી ભ્રષ્ટાચાર કરતા/લાંચ લેતા પકડી લેતા ડોલવણ સાથે તમામ તાલુકા પંચાયતો માં અને છેક તાપી જીલ્લા ના પંચાયત વિભાગ માં ફફડાટ વ્યાપી ઉઠયો હતો.

# વડોદરામાં દિકરા અને વહુએ વૃધ્ધ સાસુને માર્યો માર: પોલીસએ ન સાંભળી ફરીયાદ: હૃદય કંપી ઉઠે તેવું વૃધ્ધ સાસુનું રૂદન








પ્રતિનિધિ
ગાંધીનગર તા.૮

વડોદરા ના માંજલપુર વિસ્તાર માં રહેતા એક વૃધ્ધા નો વીડીયો વાયરલ પુરજોષ માં થઈ રહયો છે.આ ઘટના સાંભળી ને એક તરફ લોકો ની આંખો ભીની થઈ રહી છે.તો બીજી તરફ લોકો માં રોષ પણ જોવા મળી રહયો છે. હૃદય દ્રાવક ઘટના કોઈ ને પણ અંદર થી હચમચાવી નાંખે તેવી છે.પોતાની વ્યથા કહેવા માંજલપુર પોલીસ સ્ટેશન પહોંચેલા વૃધ્ધ સાસુ ને પોલીસ નો કડવો અનુભવ થયો હતો.પહેલા તો ઈજાગ્રસ્ત વૃધ્ધ મહિલા ની પોલીસ ને દયા પણ ન આવી.

વૃધ્ધ સાસુ ને દિકરા અને વહુ એ ઢોર માર માર્યો હતો.જેને લઈ લાચાર વૃધ્ધા ચાલતા ચાલતા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.પણ કલાકો સુધી મદદ ની આશા એ બેઠેલા વૃધ્ધા ની વ્યથા પોલીસે સાંભળી ન હતી.પુત્ર અને પુત્રવધુ એ માર માર્યો ની ફરીયાદ લઈને વૃધ્ધા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા જો કે પોલીસે વૃધ્ધ મહિલા ને કલાકો સુધી બહાર પગથીયા પર બેસાડી રાખ્યા અને તેમને સાંભળવાની પણ તસ્દી લીધી ન હતી. કલાકો સુધી મદદ ની આશા એ બેઠેલી વૃધ્ધા ને મદદ ન મળતા તેઓ વિલા મોંઢે પાછા ફર્યા હતા.વૃધ્ધ મહિલા ની આંખો માં આંસુ હતા.છતાં પોલીસ નિષ્ઠુર બની રહી આ ઘટના નો વીડીયો સામે આવતા લોકો માં રોષ જોવા મળી રહયો છે.અને માંજલપુર પોલીસ સામે ફીટકાર વરસાવવામાં આવ્યો છે.

જો કે મીડીયાના અહેવાલ બાદ વડોદરા ની માંજલપુર પોલીસ જાગી હતી અને વૃધ્ધા નું નીવેદન લીધુ હતું. મીડીયાના અહેવાલ બાદ વૃધ્ધા ની વ્યથા ને વાચા મળી હતી.માંજલપુર પોલીસ સ્ટેશન થી વિલા મોંઢે પરત ફરેલા વૃધ્ધા ના ઘરે મીડીયા ની ટીમ પહોંચી હતી.જયાં વૃધ્ધા ની વ્યથા પોલીસે તો ન હતી સાંભળી પણ મીડીયા એ જાણવાનો પ્રયાસ કર્યો હતો.વૃધ્ધાએ આપવીતી જણાવતા કહયું હતું કે પુત્ર અને પુત્રવધુ એ ટાઈલ્સ થી તેમની ઉપર હુમલો કર્યો હતો.વૃધ્ધા ના શૌચાલય નો દરવાજો પણ પુત્ર અને પુત્રવધુ એ તોડી નાખ્યો હતો.એટલું જ નહિ પુત્ર અને પુત્રવધુ ના છોકરા છોકરી એ પણ વૃધ્ધા ને માર માર્યો હતો.પૌત્ર પૌત્રી એ ટાઈલ્સ મારી હતી.વૃધ્ધા ના માથા માં ટાઈલ્સ મારી ઈજા પણ પહોંચાડી હતી.અને ઘર માં પુત્રવધુ એ પથ્થર પણ માર્યા હતા.મિલ્કત પચાવી પાડવા માટે અસહય ત્રાસ આપતા હોવાનો વૃધ્ધા એ દાવો કર્યો હતો.વૃધ્ધા ની દિકરી પણ મિલ્કત પચાવી પાડવા માટે પોતાના પતિ ને એટલે કે જમાઈ ને મોકલી સાસુ ને પોતાની દિકરી જમાઈ પાસે ઢોર માર મરાવતી હતી.

### વિજીલન્સ તપાસમાં અધિકારીઓની બેદરકારી

# હાટકેશ્વર બ્રિજ કૌભાંડ મામલે ૭ અધિકારીઓ સામે અંતે કાર્યવાહી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરમાં બહુચર્ચિત અને સૌથી વધુ ચર્ચાસ્પદ એવા હાટકેશ્વર બ્રિજ કૌભાંડ મામલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૭ એન્જીનિયર અધિકારીઓને શો કોઝ નોટિસ પાઠવતા કોર્પોરેશનમાં ખળભળાટ મચી ગયો છે. વિજીલન્સ તપાસમાં અધિકારીઓની બેદરકારી સામે આવતા શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.અમદાવાદમા હાટકેશ્વર બ્રિજમાં માત્ર ૫ જ વર્ષમાં પુલ ખરાબ થવા લાગ્યો હતો. ગાબડા પડતા, વાહનચાલકોને જીવનું જોખમ હતું તેથી તેના સમારકામ અંગે પણ ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. આ મામલે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. તપાસનીસ અધિકારીઓને કોન્ટ્રાક્ટર અજય એન્જિનિયરિંગ ઈન્ફ્રા. પ્રાઈવેટ લિમિટેડ દ્વારા બ્રિજ બનાવવાની કામગીરીમાં શંકા ઊભી થઈ હતી. બાદમાં ગુણવત્તાયુક્ત બ્રિજ બનાવવામાં આવ્યો ન હોવાનું સાબિત થતા પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી.બ્રિજના નિર્માણકાર્યમાં ટેસ્ટ રિપોર્ટ પણ સંતોષકારક ન હોવાનું જણાતા તપાસ આગળ વધારાઈ હતી. લેબોરેટરી રિપોર્ટમાં પણ કોઈ સ્પષ્ટ ઉલ્લેખ ન કરાતા આખરે તપાસના અંતે સાત અધિકારીઓને નોટિસ ફટકારવામાં આવી છે. હાટકેશ્વર બ્રિજ બનાવનારા કોન્ટ્રાક્ટર તેમજ PMC એજન્સી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કોન્ટ્રાક્ટર અજય એન્જિનિયરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ પીએમસી એજન્સીને બ્લેકલિસ્ટ કરી તેના ખર્ચના જોખમે નવો બ્રિજ બનાવવાનો નિર્ણય પણ લેવાયો હતો. જોકે, આ નિર્ણયનું હજુ અમલીકરણ કરાયું નથી. અતુલકુમાર પટેલ પેન્શનમાંથી ૧૧ હજાર દર મહિને કાપવા, પરેશભાઈ શાહ પેન્શનમાંથી ૬૩૦૦ દર મહિને કાપવા, પરેશભાઈ.એ.પટેલ પેન્શનમાંથી ૬૫૦૦ દર મહિને કાપવા, હિતેષભાઇ ૧૫ લાખ રૂપિયા પેનલ્ટી તરીકે વસુલવી, પરેશભાઈ.ડી.પટેલ પેન્શનમાંથી દર મહિને ૮૧૦૦ કાપવા, મનોજકુમાર સોલંકી તત્કાલીન અને આશિષભાઇ પટેલને નોકરીમાંથી બરતરફ કેમ ન કરવા અંગે સવાલો કર્યા છે તેમજ કડક પગલાં પણ લીધાં છે.

# ડભોઈ રોડ પર MD ડ્રગ્સની ડીલીવરી માટે આવેલો કેરિયર પકડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં વધુ એક વખત મેફેડ્રોન ડ્રગ્સનો જથ્થો પકડવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે કેરિયરને ઝડપી પાડી રાજસ્થાનના સપ્લાયરની શોધખોળ હાથ ધરી છે. ડભોઇ રોડ ઉપર વુડાના મકાનમાં ભાડેથી રહેતો અશોક મેઘવાલ રાજસ્થાનથી પાર્ટી ડ્રગ્સ તરીકે ઓળખાતા મેફેડ્રોનનો જથ્થો મંગાવી ડિલિવરી આપનાર હોવાની વિગતો મળતા એસઓજીની ટીમે કપુરાઈ ચોકડી પાસે વોચ રાખી હતી. પોલીસે શકમંદ હાલતમાં નજરે પડતા અશોક મહિપાલ મેઘવાલને ઝડપી પાડી તપાસ કરતા તેની પાસેથી રૂ.૬.૬૬ લાખની કિંમતને ૬૬ ગ્રામ એમડી ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે તેની પાસેથી મોબાઈલ પણ કબજે લીધો હતો. આ ડ્રગ્સ રાજસ્થાનના પ્રતાપગઢ ખાતે રહેતા કાળુ એ મોકલ્યું હોવાની વિગતો ખુલતા તેમજ તાંદલજા વિસ્તારના નીલોફર સલમાનને ડિલિવરી આપવાની હોવાની વિગતો ખુલતા બંનેને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.